॥ ૐ નમો ભગવતે વાસુદેવંય નમ : ॥ RNI No.: GUJGUJ/2014/66639

# ગુજરાતનો બેલી

(દૈનિક)

તંત્રી : મયુર બી. ઠક્કર સહતંત્રી : ચેતન ઠક્કર

E-mail : gujratbeli99@gmail.com
E-mail : gujratbeli_1999@yahoo.com

-: ઓફિસ :-
એચ-૧૦૨, શુકન પ્લેટીનમ, વંદેમાતરમ સીટીની સામે, ગોતા,
મોઃ 9898618050

# શેર બજારે ઈતિહાસ સર્જયો : સેન્સેક્સ ૨,૯૧૯ પોઈન્ટ ડાઉન




## બજારમાં હાહાકાર.....

શેરબજારમાં આજે કોરોના વાયરસની દહેશત વચ્ચે હાહાકાર મચી ગયો હતો અને શેરબજાર પત્તના મહેલની જેમ ધરાશાયી થઈ જતા કારોબારી હચમચી ઉઠ્યા હતા. આજે કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ હજુ સુધીના ઈતિહસમાં સૌથી વધુ એક દિવસમાં ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સ ૨૯૧૯ પોઈન્ટ સુધી ઘટીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. શેરબજારમાં કોહરામની સ્થિતી નીચે નીચે મુજબ રહી છે.

| | |
|---|---|
| સેંસેક્સમાં ઘટાડો | ૨૯૧૯ |
| સેંસેક્સની સપાટી | ૩૨૭૭૮ |
| નિફ્ટીમાં ઘટાડો | ૮૨૫ પોઈન્ટ |
| નિફ્ટીમાં સપાટી | ૯૬૩૩ પોઈન્ટ |
| ડાઉ જોન્સમાં ઘટાડો | ૧૪૦૦ પોઈન્ટ |
| એચડીએફસી બેંકના શેરમાં ઘટાડો | ૯ ટકાથી વધુ |
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડો | ૭ ટકાથી વધુ |
| એચડીએફસીના શેરમાં ઘટાડો | ૭ ટકાથી વધુ |
| એસબીઆઈના શેરમાં ઘટાડો | ૧૩ ટકાથી વધુ |
| આઈટીસીના શેરમાં ઘટાડો | ૧૩ ટકાથી વધુ |
| ઓએનજીસીના શેરમાં ઘટાડો | ૧૩ ટકાથ વધુ |
| એક્સિસ બેંકમાં ઘટાડો | ૧૩ ટકાથી વધુ |
| મિડકેપ ઈન્ડેક્સમાં ઘટાડો | ૭.૭ ટકા |
| નિફ્ટી સ્મોલકેપમાં ઘટાડો | ૯ ટકાથી વધુ |

## સેંસેક્સ અભૂતપૂર્વ રીતે ગગડીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ : એચડીએફસી બેંકના શેરમાં ૯ ટકાથી વધુનો ઘટાડો : નિફ્ટીમાં ૮૨૫ પોઈન્ટ સુધી ઘટાડો

(એજન્સી)મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં આજે કોરોના વાયરસની દહેશત વચ્ચે હાહાકાર મચી ગયો હતો અને શેરબજાર પત્તના મહેલની જેમ ધરાશાયી થઈ જતા કારોબારી હચમચી ઉઠ્યા હતા. આજે કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ હજુ સુધીના ઈતિહસમાં સૌથી વધુ એક દિવસમાં ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સ ૨૯૧૯ પોઈન્ટ સુધી ઘટીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ઈન્ડેક્સ હેવીવેઈટ એચડીએફસી બેંકમાં ૯ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. જ્યારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રી અને એચડીએફસીમાં ૭ટકાથી વધુનો ઘટાડો થયો હતો. સેંસેક્સને સૌથી નીચી સપાટીએ લઈ જવામાં રિલાયન્સ અને એચડીએફસી તથા અન્યોની મોટી ભૂમિકા રહી હતી. એસબીઆઈ, એક્સિસ બોંક, આઈટીસી, ઓએનજીસીના શેરમાં ૧૩ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. બ્રોકર નિફ્ટી ઈન્ડેક્સ ૨૬મી માર્ચ ૨૦૧૮ બાદથી પ્રથમ વખત ૧૦ હજારથી નીચી સપાટીએ પહોંચી ગયો હતો. નિફ્ટી કારોબારના અંતે ૮૨૫ પોઈન્ટ ઘટીને ૯૬૩૩ની નીચી સપાટીએ રહ્યો હતો. તેમાં ૭.૮૯ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. તાજેતરમાં ઉંચી સપાટીથી ઈન્ડેક્સ હવે ૨૦ ટકા સુધી ઘટી ગયો છે. તમામ નિફ્ટી સેકટર ઈન્ડેક્સ સેશન દરમિયાન બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. નિફ્ટી-પીએસયુ બેન્ક ઈન્ડેક્સમાં ૧૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ઈન્ટ્રા ડે દરમિયાન ૧૧૦૦ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને અંતે ૭.૭ ટકા ઘટીને ૧૨૩૮૦ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૯ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં પણ આજે ગુરૂવારના દિવસો ભારે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. કોરોના વાયરસનો આતંક દિનપ્રતિદિન વધી રહ્યો છે તેની અસર પણ જોવા મળી હતી. સોંસોક્સ ગયા શુક્રવારના દિવસે ૮૯૪ પોઈન્ટ ઘટીને ૩૭૫૭૭ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક શેરબજારોમાં પણ આજે અફડાતફડી રહી હતી.

## જોખમી કોરોના વાયરસના ભય વચ્ચે શેરબજારમાં ભારે કોહરામની સ્થિતિ

શેરબજારમાં આજે ઘટાડાનો દોર યથાવત રીતે જરી રહ્યો છે. એક વખતે સોન્સોક્સમાં ૩૨૦૦ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. માર્કેટ ટ્રેસ થવાની અસર તમામ ઉપર થઈ હતી. સોમવારના દિવસે સોંસોક્સમાં તેના ઈતિહાસમાં એક દિવસનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. સોંસોક્સના ઈતિહાસમાં સૌથી મોટો ઘટાડો નોંધાવવા માટે વિવિધ પરિબળો જવબાદાર દેખાયા હતા. કોરોના વાયરસના ફેલાવવાને લઈને વધી રહેલી દહેશત તથા ક્રૂડ ઓઈલની કિંમતમાં રેકોર્ડ ઘટાડાના પરિણામ સ્વરુપે શેરબજાર સોમવારના દિવસે પણ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયું હતું. સોમવારે કારોબારના અંતે સેંસેક્સ ૧૯૪૨ પોઈન્ટ ઘટીને ૩૫૬૩૫ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક કોરોના વાયરસની દહેશત દિનપ્રતિદિન વધી રહી છે જેથી કારોબારીઓ ભારે દહેશતમાં છે. શેરબજારમાં હાલમાં કોરોના વાયરસની અસર સીધી રીતે જોવા મળી રહી છે. જેના લીધે મુડીરોકાણકારો જંગી નાણાં રોકવાના મુડમાં દેખાઈ રહ્યા નથી. સ્થિતિમાં સુધારો થાય તેની રાહ જોવાઈ રહી છે. તે પહેલાના શુક્રવારના દિવસે શેરબજારમાં સેંસેક્સે તેના ઈતિહાસમાં બીજો સૌથી મોટો ઘટાડો કર્યો હતો. એ દિવસે સોંસોક્સમાં ૧૪૪૮ પોઈન્ટનો ઘટાડો થયો હતા. વિદેશી રોકાણકારો હાલમાં વેચવાલીના મુડમાં દેખાઈ રહ્યા છે. આજે સવારના કારોબારમાં તાતા સ્ટીલ, ઓએનજીસી, ટાઈટન તેમજ અન્ય શેરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો. કોરોના વાયરસને સત્તાવાર રીતે વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવ્યા બાદ તમામ દેશો પોતાની રીતે આગળ વધી રહ્યા છે. બેન્ચમાર્ક ડાઉ જોન્સમાં ૧૪૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો થયો છે. જેની અસર વચ્ચે એશિયન બજારમાં પણ જોરદાર નિરાશા રહી હતી. આજે બીએસઈમાં કારોબાર દરમિયાન ૨૨૪૩ શેરમાં મંદી રહી હતી. જ્યારે માત્ર ૨૨૪ શેર તેજીમાં રહ્યા હતા. ૧૦૬ શેરમાં યથાસ્થિતિ રહી હતી. બ્રેન્ટ ક્રુડની કિંમતમાં ૫.૭૬ ટકાનો ઘટડો બોલાયો હતો. દલાલ સ્ટ્રીમાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો જવાબદાર દેખાયા ન હતા. કારોબારીઓના કહેવા મુજબ વિદેશી ફંડ પ્રવાહમાં વેચવાલી જોવા મળી રહી છે. આંકડા દર્શાવે છે કે નેટ આધાર ઉપર વિદેશી રોકાણકારોએ બુધવારના દિવસે ૩૫૧૫.૩૮ કરોડની કિંમતના ઈક્વિટીનું વેચાણ કર્યું હતું.

## સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં ઈન્ટ્રા ડે દરમિયાન ૯ ટકાથી વધુ રેકોર્ડ ઘટાડો



## નીચલી સર્કિટની નજીક પહોંચ્યું શેર બજાર, ૧૨ વર્ષ બાદ થયું આવું

(એજન્સી)મુંબઈ, ૧૨

કોરોના વાયરસનાં ભય અને વૈશ્વિક સ્તર પર ક્રુડ ઓઈલની કિંમતો ઘટતા શેર બજારને જોરજાર ઝટકો લાગ્યો છે, શું સેન્સેક્સ અને શું નિફ્ટી બંને લાલ નિશાન પર જ બંધ રહ્યા છે, જો કે સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે શેર બજાર લોઅર સર્કિટની બિલકુલ નજીક આવી પહોચ્યું, તેને જોઈને લોકોનાં હદયનાં ધબકારા વધી ગયા.

અત્રે ઉલ્લેખનિય છે કે શેર બજારમાં ૧૦ ટકા અથવા તેનાથી વધુનો ઘટાડો આવે છે તો તેમાં નીચલી સર્કિટ લાગે છે, અને ટ્રેડિંગ રોકવામાં આવે છે, આજે શેર બજારમાં આવેલા ભારે ઘટાડાની કેટલીક મહત્વની વાતો એવી છે તે ચોક્કસ પણે જાણવી જોઈએ.

સેન્સેક્સમાં સૌથી મોટો ઘટાડો ૧૨ વર્ષ પહેલા ૨૦૦૮માં આવી હતી, આ વખતે સેન્સેક્સ ૯ ટકાની નજીક આવી ચુક્યો છે, અને આ ઘટાડો વર્ષ ૨૦૦૮ બાદનો સૌથી મોટો છે.

તે અનુસાર સેન્સેક્સ લગભગ ૩૧૫૦ આંક સુંધી તુટી ગયો, વર્ષ ૨૦૦૮માં એક સમય એવો આવ્યો હતો કે જ્યારે સેન્સેક્સમાં લોઅર સર્કિટ લાગી હતી, અત્રે ઉલ્લેખનિય છે કે ૨૪ ઓક્ટોમ્બર ૨૦૦૮નાં ટ્રેડિંગ દરમિયાન સેંન્સેક્સ ૧૦૭૦.૬૩ પોઈન્ટ એટલે કે ૧૦.૯૬ તુટી ગયો.

નિફ્ટીએ ૨૫ જુલાઈ ૨૦૧૭નાં દિવસે ૧૦ હજારનાં આંકડાને સ્પર્સ્યો હતો, જુન ૨૦૧૭નાં અંતે નિફ્ટી ૯૫૨૦ અંકો પર હતો, આજના ટ્રેડિંગમાં નિફ્ટી ૯૬૦૦નાં આંકથી પણ નીચે આવી ગયો હતો, જે આંકડો જુલાઈ ૨૦૧૭નાં દરમિયાન હતો, નિફ્ટીમાં પણ ઘટાડો ૯ટકાની નજીક આવી ગયો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, એચડીએફસી બેંક, બજાજ ઓટો, એચપીસીએલ, આઈટીસી, એલ એન્ડટી, એબીબી, હીરો મોટોકોર્પ, એસીબી,બીઈએમએલ, જેએઆઈએલ,જીલેટ, અને ગ્લનમાર્ક ફાર્મા, તે ૭૮૩ શેર પૈકીના છે, જેમાં ૫૨ સપ્તાહનો સૌથી નીચલો સ્તર પર પહોચ્યા.

ટીસીએસમાં ૧૨ ટકા, બર્જર પેઈન્ટમાં ૧૫ ટકા, ઈંન્ડિગોમાં ૧૮ ટકા અને સ્પાઈસ જેટમાં ૩૬ ટકાનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો, જે છેલ્લા સાત વર્ષનો સૌથી મોટો હતો. છેલ્લા ૭ દિવસમાં સેંન્સેક્સમાં ૧૫ ટકાનો ઘટાડો આવી ચુક્યો છે, એસબીઆઈનો શેર પણ ૭ દિવસમાં સૌથી વધું ઘટ્યો છે.

### મૂડીરોકાણકારોએ લાખો કરોડ રૂપિયા ગુમાવ્યા

## રોકાણકારોની સંપત્તિ ૧૦ ટ્રિલિયન રૂપિયા સુધી ઘટી

(એજન્સી)મુંબઈ, તા. ૧૨

શેરબજારમાં આજે ગુરૂવારના દિવસે પણ હાહાકારની સ્થિતી રહી હતી. આજે શેરબજારમાં કોરોના વાયરસની દહેશત વચ્ચે દલાલ સ્ટ્રીટમાં હાલત કફોડી રહી હતી. મૂડીરોકાણકારોએ ૧૦.૯ ટ્રિલિયન રૂપિયા ગુમાવી દીધા હતા. મિનિટોના ગાળામાં જ રોકાણકારોની સંપત્તિમાં અભૂતપૂર્વ ઘટાડો નોંધાઈ ગયો હતો. સ્થિતિમાં છેલ્લે સુધી કોઈ સુધારો થયો ન હતો. હાલમાં રોકણકારો જંગી રકમ ગુમાવી ચુક્યા છે. આજે પણ રોકાણકારોની સંપત્તિમાં ઘટાડો જરી રહ્યો હતો. આજે ૧૦ ટ્રિલિયન રૂપિય સુધી રોકણકારોએ ગુમાવી દીધ હતા. આજના દિવસે પણ કારોબાર શરૂ થતાની સાથે જ અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા ચિંતાનુ મોજુ રહ્યુ હતુ. આજે કારોબારીઓએ તીવ્ર મંદી વચ્ચે મિનિટનોના ગાળામાં લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. મૂડીરોકાણકારોની સંપત્તિ હાલમાં સતત ઘટી રહી છે. ગયા શુક્રવારના દિવસે અને છેલ્લા શુક્રવારના દિવસે પણ મૂડીરોકાણકારોએ જંગી સંપત્તિ ગુમાવી દીધી હતી. કારોબાર શરૂ થતાંની સાથે જ વૈશ્વિક બજારોની અસર વચ્ચે કારોબારીઓ નુકસાનમાં ગરકાવ થયા હતા. દુનિયાભરના બજારોમાં વેચવાલીનું દબાણ વધી ગયું છે. સ્થાનિક શેરબજારમાં પણ આજે કોહરામની સ્થિતિ રહી હતી. આજે મિનિટના ગાળામા ંજ કારોબારીઓએ લાખો કરોડ ગુમાવી દીધા હતા. આજે શેરબજારમાં બજારમાં રહેલી સ્થિતિનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે, માત્ર મિનિટોમાં જ બીએસઈના રોકાણકારોએ આશરે લાખો કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. બજારોમાં અંધાધૂંધીની અસર વચ્ચે શેરબજારમં મંદી રહી હતી. મોટાભાગના શેરોમાં અફડાતફડી રહી હતી. શેરબજારમાં ઘટાડા માટે જુદા જુદા પરિબળો રહ્યા હતા. કારોબાર શરૂ થતાની સાથે જ અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. બીએસઈ સેન્સેક્સમાં આજે દિવસ દરમિયાન ૨૯૧૯ પોઈન્ટનો ઘટડો રહ્યો હતો. જે બે વર્ષની સૌથી નીચી સપાટી પર સેંસેક્સ પહોંચી જતા અફડતફડી રહી હતી. નિફ્ટીએ માર્ચ ૨૦૧૮ બાદથી પ્રથમ વખત ૧૦ હજારની મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવી દીધી હતી. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન આ ઘટાડો વધારે રહ્યો હતો. વૈશ્વિક શેરબજારમાં આજે ખૂબ ખરાબ હાલત રહી હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપથી આવતા લોકો પર પ્રતિબંધ મુકી દીધા બાદ વૈશ્વિક બજારો હચમચી ઉઠ્યા હતા. યુરોપિયન શેરબજારમાં ચાર વર્ષની નીચી સપાટી જોવા મળી હતી. સોંસોક્સમાં એક દિવસની સૌથી મોટી મંદી આજે રહી હતી.

## સેંસેક્સમાં સૌથી મોટા ઘટાડા

શેરબજારમાં આજે કોરોના વાયરસની દહેશત વચ્ચે હાહાકાર મચી ગયો હતો અને શેરબજાર પત્તના મહેલની જેમ ધરાશાયી થઈ જતા કારોબારી હચમચી ઉઠ્યા હતા. આજે કારોબારના અંતે બીએસઈ સેન્સેક્સ હજુ સુધીના ઈતિહસમાં સૌથી વધુ એક દિવસમાં ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સ ૨૯૧૯ પોઈન્ટ સુધી ઘટીને ૩૨૭૭૮ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. સેંસેક્સના ઈતિહાસમાં સૌથી મોટા ઘટાડા એક દિવસમાં નીચે મુજબ રહ્યા છે.

- ૧૨મી માર્ચ ૨૦૨૦ના દિવસે સેંસેક્સમાં ૨૯૧૯ પોઈન્ટનો ઘટાડો
- નવમી માર્ચ ૨૦૨૦ના દિવસે સેંસેક્સમાં ૧૯૪૨ પોઈન્ટનો ઘટાડો
- ૨૪મી ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે ૧૬૨૫ પોઈન્ટનો ઘટાટો
- ૨૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ના દિવસો ૧૪૪૮ પોઈન્ટનો ઘટાટો
- ૨૧મી જાન્યુઆરી ૨૦૦૮ના દિવસો ૧૪૦૮ પોઈન્ટનો ઘટાડો
- ૨૪મી ઓક્ટોબર ૨૦૦૮ના દિવસો ૧૦૭૧ પોઈન્ટનો ઘટાડો
- પહેલી ફેબ્રુઆરી ૨૦૨૦ના દિવસો સેંસેક્સ ૯૮૮ પોઈન્ટ ઘટ્યો
- ૧૭મી માર્ચ ૨૦૦૮ના દિવસો ૯૫૧ પોઈન્ટનો ઘટાડો
- ત્રીજી માર્ચ ૨૦૦૮ના દિવસો ૯૦૧ પોઈન્ટનો ઘટાડો
- છઠ્ઠી માર્ચ ૨૦૨૦ના દિવસો ૮૯૪ પોઈન્ટનો ઘટાડો
- ૨૨મી જાન્યુઆરી ૨૦૦૮ના દિવસે ૮૭૫ પોઈન્ટનો ઘટાડો
- છઠ્ઠી જુલાઈ ૨૦૦૯ના દિવસે ૮૭૦ પોઈન્ટનો ઘટાડો
- છઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસો ૮૫૫ પોઈન્ટનો ઘટાડો
- બીજી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે ૮૪૦ પોઈન્ટનો ઘટાડો
- ૧૧મી ફેબ્રુઆરી ૨૦૦૮ના દિવસો ૮૩૪ પોઈન્ટનો ઘટાડો
- ૧૮મી મે ૨૦૦૬ના દિવસો ૮૨૬ પોઈન્ટનો ઘટાડો
- ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૦ના દિવસો ૮૦૭ પોઈન્ટનો ઘટાડો
- ૧૧મી ફેબ્રુઆરી ૨૦૧૬ના દિવસો ૮૦૭ પોઈન્ટનો ઘટાડો
- ૪થી ઓક્ટોબર ૨૦૧૮ના દિવસો ૮૦૬ પોઈન્ટનો ઘટાડો
- ૧૦મી ઓક્ટોબર ૨૦૦૮ના દિવસો ૮૦૧ પોઈન્ટનો ઘટાડો
- ૫મી ઓક્ટોબર ૨૦૧૮ના દિવસે ૭૯૨ પોઈન્ટનો ઘટાડો
- છઠ્ઠી જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે ૭૮૮ પોઈન્ટનો ઘટાડો
- ૧૩મી માર્ચ ૨૦૦૮ના દિવસે ૭૭૧ પોઈન્ટનો ઘટાડો
- ૧૭મી ડિસેમ્બર ૨૦૦૭ના દિવસે ૭૬૯ પોઈન્ટનો ઘટાડો
- ૧૬મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે ૭૭૦ પોઈન્ટનો ઘટાડો
- ૭મી જાન્યુઆરી ૨૦૧૬ના દિવસે ૭૪૯ પોઈન્ટનો ઘટાડો
- ૩૧મી માર્ચ ૨૦૦૮ના દિવસે ૭૨૬ પોઈન્ટનો ઘટાડો

# દિલ્હી તોફાનોનાં મૂળ કારણ પર વિચારનો સમય

આસામમાં એનઆરસી બનાવવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી ફેલાયેલી ઝેરી વેલની આ અસર છે.

શું અત્યારે એક એવી સમસ્યાના મૂળ કારણ અંગે ચર્ચાનો યોગ્ય સમય છે, જ્યારે દેશની રાજધાની તેના કારણે સળગી રહી છે? મૃતકોનો આંકડો ૪૦થી વધુ થઈ ગયો છે, જે ભાગલા પછી હિન્દુ-મુસ્લિમ રમખાણોમાં દિલ્હીમાં થયેલા મૃત્યુની સૌથી મોટી સંખ્યા છે? આ દેશનું સૌથી સલામત શહેર છે. આ બધું જ રાષ્ટ્રપતિ ભવનથી ૮-૧૦ કિમીના અંતરમાં થયું જે આપણી લોકશાહીનું ગૌરવ છે અને જેની આજુબાજુમાં સાઉથ અને નોર્થ બ્લોક આવેલા છે. જ્યાં દેશના ઘરેલુ અને સૈનિક સુરક્ષા પ્રતિષ્ઠાનોની ઓફિસો છે, જે દેશ અને દેશની પ્રજાની સુરક્ષા માટે જવાબદાર છે. શું આ કામને ત્યાં સુધી બાકી ન મુકી શકાય, જ્યાં સુધી આ વિરોધ શાંત ન થાય અને સરકાર તથા ન્યાયતંત્ર સહિત વિવિધ તંત્રો પરિસ્થિતિ સામાન્ય નથી બનાવી લેતા? અત્યારે અસહજ કરનારા પ્રશ્નો પુછવાનું અલગ જોખમ છે. કોઈ મંત્રી અથવા સોશિયલ મીડિયાના શૂરવીરોની ટૂકડી તમારા પર મરજી આવે તેવી રીતે હુમલો કરી શકે છે. તમારા પર ભડકાઉ વાતો કરવાથી માંડીને રાજદ્રોહ સુધીનો આરોપ લગાવી શકે છે. કોર્ટ પણ તમને નોટિસ ફટકારી શકે છે.

જોકે, આપણે એટલા કાયર પણ નથી કે એક અન્ય સંસ્થા સાથે એવી ખોટી દલીલ કરીએ કે તે પણ એ નાગરિકોની સુરક્ષામાં નિષ્ફળ રહી છે. જ્યારે કે આ સંસ્થા પીડિતોથી માંડ પાંચ કિમી દૂર આવેલી હતી. યાદ રાખો, અહીં વાત મિલીભગત, અક્ષમતા કે વિચારધારાનો નથી. આપણે સામાન્ય રીતે સરકારો પર આવા જ આરોપ લગાવીએ છીએ. અહીં બાબત એ સંસ્થા દ્વારા પોતાના વિવેકનો ઉપયોગ ન કરવા અને પોતાની સંસ્થાગત તથા નૈતિક મૂડી ગુમાવવાનો છે, જે વર્તમાન સ્થિતિમાં સૌથી વધુ મહત્ત્વનું છે. સીએએ-એનઆરસીની ઝેરી વેલના બીજ દેશની સૌથી મોટી અદાલતે એ સમયે વાવ્યા હતા જ્યારે ન્યાયાધિશ રંજન ગોગોઈ અને રોહિંટન નરીમનની બેન્ચે પોતાની દેખરેખમાં આસામમાં નાગરિકતા રજિસ્ટર (દ્વઈઙ્ગ)નું કામ શરૂ કરવાના આદેશ આપ્યા હતા. આપણે એ યાદ રાખવું જોઈએ કે, ન્યાયાધિશોએ અચાનક આ નિર્ણય નહીં લીધો હોય.

આસામ અને ત્યાં ઈમિગ્રેશનના ગુંચવાયેલા ઈતિહાસમાં ઘુસણખોરોનો મુદ્દો મહત્ત્વનો છે. ૧૯૮૦ના દાયકામાં આ મુદ્દે થયેલા આંદલને આસામને પાંગળું બનાવી દીધું હતું. ત્યાં ત્રણ વર્ષ સુધી સરકારનું કશું જ ચાલ્યું ન હતું. આ સમય દરમિયાન આસામમાં ઉત્પાદિત ક્રૂડ ઓઈલનું એક ટીપું પણ બહાર રિફાઈનરી સુધી પહોંચ્યું ન હતું. સ્થાનિક આસામી લોકોમાં ગુસ્સો એ વાતનો હતો કે, બાંગ્લા ભાષી ઘુસણખોરો સ્થાનિક સંસ્કૃતિ, રાજકીય અને અર્થતંત્ર પર કબજો કરી ચુક્યા છે. ૧૯૮૫માં પરિસ્થિતિ ત્યારે સામાન્ય થઈ જ્યારે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ પ્રદર્શનકારી નેતાઓ સાથે સમાધાન પર હસ્તાક્ષર કર્યા હતા. સમાધાનની જોગવાઈઓમાં એક જોગવાઈ વ્યાપક એનઆરસી બનાવીને ગેરકાયદે વિદેશી નાગરિકોને શોધી કાઢવા, તેમનું નામ મતદાર યાદીમાંથી બહાર કરવા અને તેમને પાછા મોકલવા અંગેનો હતો. આસામના વિશેષ સંદર્ભમાં તેની તારીખ ૨૫ માર્ચ, ૧૯૭૧ નક્કી કરાઈ હતી. તેના પાછળનો વિચાર એ હતો કે, ૧૯૪૭ પછી દમનથી બચવા લાખો હિન્દુઓએ પૂર્વ પાકિસ્તાન છોડીને આસામમાં શરણ લીધા હતા. તેમને ભારતમાં શરણ મળવા જ જોઈએ.

સરળ શબ્દોમાં કહીએ તો જ્યાં સુધી પૂર્વ પાકિસ્તાનનું અસ્તિત્વ હતું, ત્યાંથી આવનારી કોઈ પણ વ્યક્તિને કોઈ સવાલ કે તેના પર કોઈ શંકા કરવાની ન હતી. ૨૫ માર્ચ, ૧૯૭૧ પછી હિન્દુ લઘુમતિઓની દેખરેખની જવાબદારી બાંગ્લાદેશ સરકારની હતી. એટલે કે, આ તારીખ પછી દેશમાં આવનારા લોકો ગેરકાયદે વિદેશી હતા અને તેમને પાછા મોકલવાના હતા. બાંગ્લાદેશ તેમને લેવા માટે પ્રતિબદ્ધ હતું, પછી ભલે તે હિન્દુ હોય કે મુસ્લિમ. સમાધાનમાં ધર્મના આધારે કોઈ ભેદભાવ કરાયો ન હતો. ન્યાયાધિશોનો ઈરાદો પણ આવો ન હતો. બાકીની વાતો તાજેતરની છે.

સર્વોચ્ચ અદાલતની બેન્ચની દેખરેખ હેઠળ એનઆરસીની પ્રક્રિયા શરૂ થઈ હતી. અદાલતે એનઆરસીના પ્રભારીને પોતાના હાથ નીચે રાખ્યો અને જણાવ્યું કે, તે મીડિયા સહિત કોઈની સાથે વાત કરી શકશે નહીં. જેના કારણે સમગ્ર પ્રક્રિયા અંગે અસ્પષ્ટતા અને ભયનું વાતાવરણ બન્યું. કોર્ટે એવો પણ આદેશ આપ્યો કે ગેરકાયદે પ્રવાસીઓ માટે ડિટેન્શન સેન્ટર બનાવવામાં આવે, પરંતુ જ્યારે વાસ્તવિકતા સામે આવી ત્યારે બધું જ બદલાઈ ગયું. કેટલાક લોકો સામે આવેલી હકીકતોથી નારાજ હતા, પરંતુ શક્તિશાળી લોકોને તેમાં તક દેખાઈ. જે વિદેશી ચિન્હિત કરાયા, તેઓ અત્યાર સુધી કરાયેલી કલ્પનાની સરખામણીમાં નામ માત્ર હતા. અત્યાર સુધી કાયદેસર સાબિત ન થઈ શકેલા લોકોમાંથી બે તૃતિયાંશ બંગાળી હિન્દુ નીકળ્યા. ભાજપને તેમાં તક દેખાઈ કે આસામના હિન્દુ ઘુસણખોરોને નવા સીએએની મદદથી સલામત કરી શકાય છે અને તેનાથી મુસ્લિમોને હાંકી કાઢી શકાશે.

જ્યારે દેશની સૌથી મોટી અદાલતે તેને એક રાજ્ય માટે કાયદેસર કર્યું છે તો પછી તેને સમગ્ર દેશમાં શા માટે લાગુ ન કરી શકાય? આ બધી બાબત વિજય માટે સક્ષમ ધ્રુવીકરણનો મંત્ર બની ગઈ. એટલા માટે જ આપણે અહીં છીએ. સીએએની બંધારણિયતાનો નવો બોલ આ પાસામાં જ ઉછળી રહ્યો છે. આ દરમિયાન, સમજી વિચારીને વાવવામાં આવેલી આ ઝેર સમગ્ર દેશમાં ફેલાઈ રહ્યું છે. આસામમાં પણ હવે ભાજપની સરકાર કહી રહી છે કે તે એનઆરસીથી નાખુશ છે અને તેને ફરીથી કરાવવા માગે છે. આપણે અત્યાર સુધી સર્વોચ્ચ અદાલતને પણ તેની વાતનો બચાવ કરતા જોઈ નથી, જે તેની દેખરેખમાં થઈ છે. તેણે એવું ક્યારેય કહ્યું નથી કે તે બીજી વખત એનઆરસીની પ્રક્રિયા થવા નહીં તે કે સીએએના માધ્યમથી પોતાના કામને સમાપ્ત થવા નહીં દે. દિલ્હીના રમખાણ તો એક ઘટના છે. તેમાં બંગાળ, આસામ, ઉત્તર પ્રદેશને ઉમેરીએ તો મૃતકોની સંખ્યા ઘણી મોટી દેખાશે. આ એક લાંબા અંધકારથી ભરપૂર યુગની શરૂઆત હોઈ શકે છે, આથી હવે તેનાં મૂળિયાં પર વિચાર કરવાનો સમય આવી ગયો છે.

# COVID-19 અંગે અપડેટ: તૈયારીઓ અને લેવાયેલા પગલાંની માહિતી

(પી.આઈ.બી.)નવી દિલ્હી

નોવેલ કોરોના વાઈરસ બીમારી (COVID-19)ને હવે સત્તાવાર રીતે વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. સમગ્ર દુનિયામાં ૧૧૪ દેશોમાં ૧૧૮,૦૦૦થી વધુ કોરોના વાઈરસની બીમારીના કેસો નોંધાયા હોવાથી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા ગઈકાલે તેને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે.

ચીનના વુહાનમાં ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ આ બીમારીનો પહેલો કેસ નોંધાયો ત્યારથી જ ભારતમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી સંબંધિત મંત્રાલયો/ વિભાગ તેમજ રાજ્ય/ કેન્દ્ર શાસિત પ્રદેશોના ટોચના અધિકારીઓ સાથે મળીને પરિસ્થિતિ પર દેખરેખ રાખી રહ્યાં છે અને તેની સમીક્ષા કરી રહ્યાં છે.

WHO દ્વારા COVID-19ને ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ જાહેર સ્વાસ્થ્ય કટોકટી જાહેર કરવામાં આવ્યો તેના ઘણાં સમય પહેલાં ૮ જાન્યુઆરીથી જ ભારતે આ દિશામાં પ્રતિભાવ આપવાનો પ્રારંભ કરી દીધો છે. રાજ્યોને ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ સ્વાસ્થ્ય ક્ષેત્ર માટે તૈયારીઓ કરવાના નિર્દેશો આપી દેવામાં આવ્યા હતા. એ જ દિવસે, પ્રવેશના તમામ સ્થળોએ પણ ચકાસણી કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

COVID-19ના વ્યવસ્થાપન માટે કેન્દ્રીય મંત્રાલયો દ્વારા રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે મળીને મજબૂત સામુદાયિક દેખરેખ, સંસર્ગનિષેધ સુવિધાઓ, આઈસોલેશન વૉર્ડ્સ, પુરતા પ્રમાણમાં PPE, તાલીમબદ્ધ માણસો, ઝડપી પ્રતિભાવ ટીમ જેવા વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. ૧૭ જાન્યુઆરીના રોજ ૩ હવાઈમથકો (મુંબઈ, દિલ્હી અને કોલકાતા) ખાતે સ્ક્રિનિંગ શરૂ કરવામાં આવ્યું હતું અને બાદમાં વધુ ચાર હવાઈમથકો (ચેન્નઈ, કોચીન, બેંગલુરુ, હૈદરાબાદ) ખાતે ૨૧ જાન્યુઆરી ૨૦૨૦થી સ્ક્રિનિંગ શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્ક્રિનિંગની કામગીરી વધારીને ૩૦ હવાઈમથકો પર શરૂ કરવામાં આવી છે. વિદેશથી આવી રહેલા તમામ મુસાફરોનું ૩૦ હવાઈમથકો પર સ્ક્રિનિંગ કરવામાં આવે છે. સાથે સાથે, ૧૨ મુખ્ય બંદરો અને ૬૫ નાના બંદરો પર પણ વિદેશથી આવી રહેલા જહાજોમાં આવતા લોકો માટે સ્ક્રિનિંગ શરૂ કરવામાં આવ્યું છે.

ભારતે હંમેશા વિદેશમાં રહેતા પોતાના નાગરિકોની સલામતી અને સુખાકારીનો વિચાર કર્યો છે અને તેના કારણે ૅર્ક્ષ્કિઙ્ઘ-૧૯થી અસરગ્રસ્ત દેશો વસતા ભારતીયોને સમયસર વતન પરત લાવવા માટે ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજથી કામગીરી શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ભારત સરકાર ૯૦૦થી વધુ ભારતીયોને વિદેશમાંથી પરત લાવી છે તેમજ માલદીવ્સ, મ્યાનમાર, બાંગ્લાદેશ, ચીન, યુએસ, મડાગાસ્કર, શ્રીલંકા, નેપાળ, દક્ષિણ આફ્રિકા અને પેરુ જેવા દેશોના ૪૮ નાગરિકોને પણ બહાર કાઢ્યા છે. આ ઉપરાંત, ઇટાલીમાંથી પરત લાવવામાં આવેલા ૮૩ લોકોને ગઈકાલે સંસર્ગનિષેધ માટે માનેસર ખાતે ઉભી કરવામાં આવેલી સુવિધામાં લઈ જવામાં આવ્યા હતા. તમામ દર્દીઓ અત્યારે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમનું સ્વાસ્થ્ય સ્થિર હોવાના અહેવાલ છે.

માનનીય પ્રધાનમંત્રીના નિર્દેશોના પગલે, મંત્રીઓના ઉચ્ચ સ્તરીય સમૂહની રચના કરવામાં આવી છે જે સતત પરિસ્થિતિ પર દેખરેખ રાખે છે અને તમામ તૈયારીઓનું મૂલ્યાંકન કરે છે તેમજ દેશમાં COVID-19ને અંકુશમાં રાખવા સંબંધિત વિવિધ પગલાં લઈ રહ્યું છે. મંત્રીઓના સમૂહ દ્વારા અત્યાર સુધીમાં માર્ગદર્શન, પરિસ્થિતિની સમીક્ષા અને દેખરેખ સંબંધે છ વખત બેઠકો યોજવામાં આવી છે.

# અતૂલ્યા ગંગા મિશન માટે આર્મીના ૧૦૦ નિવૃત્ત સૈનિકોએ બ્યુગલ ફૂંક્યુ

## અમદાવાદના હિરેન પટેલ ગંગાને પુનર્જીવિત કરવાના અભિયાનમાં સામેલ



(પ્રતિનિધિ)''દેવી માંથી ગંદકી' - માં ગંગા આજે માત્ર પ્રાર્થના નહીં પણ કાર્ય માટે પોકારી રહી છે. અતુલ્યા ગંગાને મુંડામન પરિક્રમા કહેવામાં આવશે, જે આર્મીના નિવૃત્ત સૈનિકોની એક ટીમ છે તે ગંગાની પ્રાચીન મહત્તાને પુનઃ જીવંત કરવા માટે સમર્પિત છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે તેમની આ મહાન યાત્રા શરૂ કરવા માટેની પ્રેરણા આપી છે તથા તેમને દંડૂકો સોંપવાનો પત્ર : ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત મુંડામન ગંગા પરિક્રમા : માં ગંગાને પુનર્જીવિત કરવા માટે જન જાગૃતિ આંદોલન શરૂ કરવા નંદીના કિનારે ૪૭૦૦ કિમીથી વધારે લાંબી પગપાળા યાત્રામાં ૭ મહિના દરમિયાન ૨૦૦થી વધુ જાહેર સભાઓ યોજાશે અને ૫ રાજ્યોના ૨ લાખ શાળાઓના બાળકોમાં આ મુદ્દાને સ્પર્શતી જાગૃતિ લાવવા પ્રયત્ન હાથ ધરવામાં આવશે.

મા ગંગાને પુનર્જીવિત કરવા અને તેને ફરીથી નિર્મળ અને અવિરત બનાવવા માટે, આર્મીના ૧૦૦ દિગ્ગજોની ટુકડીએ 'મુંડામન ગંગા પરિક્રમા' મારફતે એક વિશાળ આંદોલન ચલાવવા માટેની બ્લુપ્રિન્ટ્સ તૈયાર કરી છે. તેઓએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો હતો, જેમાં દંડક આપીને તેમના આ જનજાગૃતિ આંદોલનનું ઉદ્ઘાટન કરવા અંગે તેમની નિમણૂક કરવાની મંજૂરી માંગી હતી અને જનજાગૃતિ માટેની આ ઝૂંબેશની આગેકૂચ કરાવે. આ આંદોલન માટે સૈન્ય મેડલ મેળવનાર લેફ્ટનન્ટ કર્નલ હેમ લોહુમીની સાથે શ્રીમાન ગોપાલ શર્મા અને કર્નલ મનોજ કેશ્વર (માઈક) આ અતુલ્ય ગંગાની ટીમની આગેવાની કરી રહ્યા છે. તેઓ આગામી અઠવાડિયે કેન્દ્રીય પ્રધાન શ્રી નીતિન ગડકરીને મળશે, જેમાં ગંગા નદીને હરિદ્વાર - ગોમુખથી ગંગાસાગર અને પરત હરિદ્વાર પાછા ફરવાની તેમની સાહસિક યોજના અંગે ચર્ચા કરશે, જેને તેઓ ભારતની પ્રથમ મુડામન પરિક્રમા કહે છે - સંભવતઃ આવા પ્રકારની આ પ્રથમ અને દુનિયામાં એકમાત્ર પહેલ હશે. તેઓ ગંગા નદીના કિનારે આવેલી ૨ લાખ શાળાઓની મુલાકાત લેવાનું અને પરિક્રમા દરમિયાન ૨૦૦થી વધુ જાહેર સભાઓનું આયોજન કરવાનું વિચારી રહ્યા છે, જેથી ગામજનોને ગંગા અને તેના પુનરુત્થાન પ્રત્યેની જવાબદારી લેવાની પ્રેરણા મળશે - અને તેના બદલામાં તેઓ પોતાનું ભવિષ્ય બચાવી શકશે. આ પદપાત્રાની સાથે, તેઓ નદીમાં પ્રદૂષણના સ્તરની માપણી કરશે અને પરિક્રમા પૂર્ણ થયા પછી એક અંતિમ અહેવાલ બનાવાશે જે પ્રાઈમ મિનિસ્ટરની ઓફિસ અને સંબંધિત મંત્રાલયને સુપરત કરવામાં આવશે. આ આંકડાઓ વર્ષો વર્ષ ઉપલબ્ધ થશે - એક સ્થળેથી - જેથી દરેક વ્યક્તિ આંકડાઓમાં આવેલા સુધારાઓ ચકાસી શકે - અને તેના બદલામાં આ પ્રોજેક્ટના વિવિધ હિસ્સેદારો દ્વારા ખર્ચવામાં આવતા સંસાધનોની જવાબદારીને નક્કી કરી શકાશે. કર્નલ મીક, જે નિવૃત્ત સૈનિક અને સેલ્ફ-કોનફેસ્ડ બાઈક લવર છે, તેઓ શ્રીમાન વડાપ્રધાન મોદી દ્વારા સોંપવામાં આવનાર દંડકનો સ્વીકાર કરશે, ઈન્ડિયા ગેટથી લંડન સુધી બાઈક ઉપર ટ્રાન્સ-કોંટિનેંટલ જર્નીમાં તેઓ વિવિધ દેશોમાં ગંગાને પુનર્જીવિત કરવા માટેની અતુલ્યા ગંગા પહેલ ગતિશીલ બનાવશે. અતુલ્ય ગંગાના વડપણ હેઠળ યોજાયેલી પ્રથમવાર મુંડામન પરિક્રમા માટેની યોજના છેવટે વર્ષ ૨૦૨૦માં વાસ્તવિકતા બની રહી છે.

# ૯૬ ઢોર ગુમ થવા મુદ્દે ભાજપ, કોંગ્રેસ અને મ્યુનિસિપલ કમિશનર વચ્ચે કુલડીમાં ગોળ ભંગાયો

અમદાવાદ:શહેરના ઢોરવાડામાંથી ૯૬ ગાય ગાયબ થવા મુદ્દે આજે ભાજપ, કોંગ્રેસ અને કમિશનરે કુલડીમાં ગોળ ભાંગ્યો છે. કોંગ્રેસ જ્યારે બે વાર રજૂઆત કરવા આવ્યા ત્યારે કમિશનર મળ્યા ન હતા. સવારે મેયર અને કમિશનર વચ્ચે બેઠક થઈ હતી. આજે કોંગ્રેસનું આવેદનપત્ર સ્વીકાર્યું હતું. કમિશનર સામે સરકારમાં રજૂઆત કરવાની વાત કરતા મેયરે સવારે કમિશનર ઓફિસમાં બેઠક કરી લીધી હતી.અધિકારીઓ સામે પગલાં લેવાની આ અંગે વિપક્ષના નેતા દિનેશ શર્માએ જણાવ્યું હતું કે ગાયોના નામે મત લેનારના શાસનમાં ઢોર અંકુશ વિભાગના અધિકારીઓ બેફામ છે. આજે કમિશનરને મળી ૯૬ ઢોર ગાયબ છે તેની સામે ફરિયાદની માંગ કરી છે પછી ખાતાકીય તપાસ માંગી છે. ૭ દિવસમાં તપાસની કમિશનરે ખાતરી આપી છે. આ મામલે વિપક્ષે કમિશનરને આવેદનપત્ર આપી ગાય ચોર ભાજપ ના નારા સાથે વિરોધ કર્યો હતો. વિજિલન્સ તપાસને બદલે પોલીસ તપાસની વિપક્ષે માગ કરી હતી.

બીજી તરફ કમિશનરે મીડિયા કર્મીઓને સમગ્ર મામલાથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો હતો.વિપક્ષ આવેદનપત્ર આપવા આવ્યો ત્યારે મીડિયાકર્મીઓને કવરેજ પપર પ્રતિબંધ ફરમાવ્યો હતો. આ પહેલા સવારે મ્યુનિસિપલ કમિશનર વિજય નેહેરાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું કે, એક વર્ષમાં ૨૫ હજારથી વધુ ઢોર પકડવામાં આવ્યા છે અને આ વિવાદને ઉકેલવા માટે તંત્ર કામ કરી રહ્યું છે. રખડતા ઢોરનો ત્રાસ દૂર નહીં થાય ત્યાં સુધી કામ કરીશું. કોઈને પણ આવેદનપત્ર આપવું હોય તો આપવા આવી શકે છે. નેહરાએ આગળ કહ્યું કે, એક વર્ષમાં શહેરમાંથી ૨૫ હજાર રખડતા ઢોર પકડવામાં આવ્યા છે. રસ્તા પર ઢોર છોડતા લોકો સામે પોલીસ કેસ પણ કરવામાં આવ્યા છે.

તેમજ અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ ઢોરમાં RFID(રેડિયો ફિકવન્સી આ ઈડેન્ટિફિકેશન ડેટા) ટેગ લગાવામાં આવ્યા.ઢોરવાડામાં ગાયો ગુમ થવાની ફરિયાદ મળી હતી. બે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની વિજિલન્સ તપાસ કરવા સૂચના આપી છે કે કઈ રીતે ગણતરીમાં ભૂલ થઈ તે માહિતી મેળવામાં આવશે અને જે જવાબદાર અધિકારી હશે.

# ઉદિત નારાયણે પ્યારેલાલ શર્માની સાથે કામ કરવા માટે ૨ વર્ષ સુધી મહેનત કરી



(પ્રતિનિધિ)શ્રેષ્ઠ યુવા ગાયકી પ્રતિભાની સાથે રિયાલિટી ટેલિવિઝન પર ૭ સફળ સિઝન સુધી રાજ કર્યા બાદ, ઝી ટીવીનો અત્યંત પ્રસિદ્ધ ગાયકી આધારીત રિયાલિટી શો સા રે ગા મા પા લિટલ ચેમ્પ તૈયાર છે, તેની નવી અદ્દભુત ૮મી સિઝનની સાથે, પાછું આવી ગયું છે. આ નવી સિઝન સાક્ષી બનશે મહાન ભારતીય સંગીતની- અલ્કા યાજ્ઞિક, ઉદિત નારાયણ અને કુમાર સાનુને આવકારવા માટે, એક જજ તરીકે તથા પ્રસિદ્ધ એન્કર મનિષ પૌલને હોસ્ટ તરીકે આવકારવા માટે. આ સપ્તાહને અંતે, દર્શકો માટે એક ટ્રીટ છે, પજેમાં લક્ષ્મીકાંત- પ્યારેલાલના પ્રસિદ્ધ હિટ્સને દર્શાવશે અને અનુભવુ સંગીત નિર્દેશક પ્યારેલાલ શર્મા તેમના પત્નિ સુનિલા શર્મા સાથે સ્ટેજની શોભા વધારશે!જ્યારે જજ અને પ્યારેલાલજીએ તેમની કારકીર્દીના ઘણી ઘટનાઓ વર્ણવી અને દરેકને ભાવુક કરી દીધા, ત્યારે ઉદિત નારાયણે પણ ઈન્ડસ્ટ્રી કર્ટસી પ્યારેલાલજીમાં તેમના મોટા બ્રેક વિશે વાત કરી.

તનિષ્કા સરકારના ડફલી વાલે પરના ઉત્કૃષ્ટ પર્ફોર્મન્સ પછી, ઉદિત નારાયણે જણાવ્યું કે, કઈ રીતે તેઓ લગભગ દરરોજ પ્યારેલાલજીના ઘરની મુલાકાત લેતા હતા, એવી અપેક્ષામાં કે આ મહાન સંગીતકાર તેમને એક મોટો બ્રેક આપશે. તે કહે છે, ''મેં ક્યારેય ન'તું વિચાર્યું કે, હું ક્યારેય પણ સંગીતના ભગવાન એવા પ્યારેલાલજીને મળીશ. ખરેખર તો, લગભગ ૨ વર્ષ સુધી જ્યારે પણ મને સમય મળે ત્યારે હું તેમની ઘરે જતો હતો. અત્યંત વ્યસ્ત હોવા છતા પણ તેઓ શા માટે તું અહીં દરરોજ આવે છે, એવા કોઈપણ પ્રકારના પ્રશ્ન કર્યા વગર આવકારતા હતા. તેમના ઓમ શાંતિ ઓમ, ડફલી વાલે જેવા લગભગ દરેક પ્રસિદ્ધ ગીતો મારી સામે રેકોર્ડ થયા છે અને હું આ મહાન કલાકારોની સામે એક મોટા દરિયામાં રહેલી નાની માછલી જેવો છું.''

ઉદિત નારાયણ વધુમાં ઉમેરે છે, ''રેકોર્ડિંગ સ્ટુડિયોમાં એક સારા દિવસે, મેં હિંમત ભેગી કરી અને પ્યારેલાલજીને કહ્યું કે, 'આજે હું તમને છોડવાનો નથી.' તેમને જવાબ આપ્યો 'નહીં છોડતો, હું આજે તારું ગીત સાંભળીશ.' હું ખુબ જ ખુશ થયો અને મેં એક લોકગીત અને એક જૂનુ ગીત ગાયું. મને સાંભળીને તેમને મને કહ્યું કે, 'આ જ મુંબઈ શહેરમાં એક દિવસ તારો પણ આવશે, તેની રાહ જો.' ત્યારબાદ, તેમને મને ઘણી તક આપી, લક્ષ્મીકાંતજીએ પણ મને ખૂબ જ પ્રેમ આપ્યો અને હું ખરેખર તેમનો આભારી છું.'' એ પણ હકિકત છે કે, પ્યારેલાલજીએ અને લક્ષ્મીકાંતજીએ ઘણા પ્રતિભાશાળીઓને ઘણી તકો આપી છે, અને તેમાંના જ એક છે, ઉદિત નારાયણ! અનુભવી કમ્પોઝર પ્યારેલાલ શર્માની સાથે તેમની પત્નિ સુનિલા શર્મા પણ આવ્યા હતા, જે દર્શકો માટે એક ગાલા સમય હતો, જેમાં ૬૦, ૭૦, ૮૦ના દાયકાના ગીતોને માણ્યા,જેઓ અત્યંત પ્રતિભાશાળી લિટલ ચેમ્પ દ્વારા ગાવવામાં આવ્યા હતા. સાઈ અને રાધિકાએ અદ્દભુત ડુએટ પર્ફોર્મન્સ આપ્યું હતું કારણકે તેમને હવા હવાઈ ગીત ગાયું હતું. હંસરાજ અને ધાનીએ બોલ બેબી બોલ પર ડુએટ પર્ફોર્મન્સ આપીને દર્શકોના દિલ જીતી લીધા. આ બધાથી વધુ, સા રે ગા મા પા લિટલ ચેમ્પસના આગામી એપિસોડમાં દર્શકો માટે ઘણા સુમધુર અને આશ્ચર્ય રહેલા છે. વધુ જાણવા માટે જૂઓ, સા રે ગા મા પા લિટલ ચેમ્પ, દર શનિવાર અને રવિવાર સાંજે ૮ વાગે ફક્ત ઝી ટીવી પર!

# પરિણીતિ ચોપરા કઈ બોલિવૂડની અભિનેત્રીથી અભિભૂત છે?



(પ્રતિનિધિ) ભારતમાં બોલિવૂડ અને સંગીત એ કંઈ ધર્મથી ઓછું નથી, ઝી ટીવી તેના દર્શકો માટે તેના આગામી પ્રાઈમ ટાઈમ ઓફરિંગમાં આ બંને વિશ્વના શ્રેષ્ઠીઓને લાવી રહ્યું છે. ચેનલ તૈયાર છે, તેનો અલગ જ પ્રકારનો મ્યુઝિક કાઉન્ટડાઉન શો લઈને, જેનું નામ છે, 'પ્રો મ્યુઝિક કાઉન્ટડાઉન' જેને હોસ્ટ કરી રહ્યા છે, ભારતના સૌથી શ્રેષ્ઠ આરજે, સોશિયલ મીડિયા પર દબદબો ધરાવતા અને યુટ્યુબ સેન્સેશન- સિદ્ધાર્થ કાનન. આ શોમા બોલિવૂડના હોટેસ્ટ સેલિબ્રિટીની સાથે તેમની કારકીર્દી, રોમાન્સ અને બી-ટાઉનની હચમચાવતી દરેક બાબતોને આવરી લેવાની સાથોસાથ સુપરહિટ ગીતોનો પણ સમાવેશ કરીને પહેલા ક્યારેય જોવા નહીં જોવા મળેલા ચેટ શોના ફોર્મેટમાં દર્શાવવામાં આવશે! આ રવિવાર, દર્શકો બોલિવૂડનના શ્રેષ્ઠ મિત્રોઅને ઓનસ્ક્રીનની સૌથી સુંદર જોડી અર્જુન કપૂર અને પરિનીતિ ચોપરાને કેટલાક રસપ્રદ ઘટસ્ફોટ કરતા જૂઓ. 'સંદીપ ઔર પિન્કી ફરાર'ની આ જોડીએ ૨૦૧૨થી તેમના પ્રવાસનું વર્ણન કર્યું હતું. જ્યારે તેમને તેમની પ્રથમ ફિલ્મ (ઈશકજાદે) સાથે કરી હતી. બંનેએ તેમના પ્રોફેશનલ જીવન, મિત્રતા, તેઓ બંને વચ્ચેના એક જોડાણ સાથોસાથ તેમના વ્યક્તિગત જીવન વિશે પણ નિખાલસ ચર્ચા કરી હતી. જો કે, પરિનીતિ ચોપરાએ બોલિવૂડમાં એક મહિલા પર તેના ક્રશ વિશે જે કહ્યું તે જોવાનું ચુકશો નહીં!''

બોલિવૂડની કઈ અભિનેત્રીને તે સૌથી વધુ પસંદ કરે છે, એ માટે પરિનીતિ ચોપરાએ કોઈપણ પ્રકારની રાહ જોયા વગર ઉછળીને જવાબ આપ્યો કે, 'અનુષ્કા શર્મા'! અભિનેત્રીએ વધુમાં ઉમેર્યું કે, ''હું અનુષ્કાથી અત્યંત અભિભૂત છું અને હવે તો, મને લાગે છે કે, તેને પણ આ હકિકત ખબર છે કે, હું તેને ચાહુ છું. તે 'ગોલ્સ' છે, તે જેવી રીતે તેનું જીવન જીવે છે!તેનું શરીર, જે રીતે તે વિચારે છે, જે રીતે તે તૈયાર થાય છે, મને તેની દરેકે દરેક બાબત ગમે છે અને હું તેનાથી ખૂબ જ પ્રેરિત છું. તે એક સંપૂર્ણ પેકેજ છે!''

એવું લાગી રહ્યું છે કે, પરિનીતિ ચોપરા અનુષ્કા શર્મા વિશે વિચારવાનું અટકાવી શકતી નથી. આશા રાખીએ છીએ કે, બોલિવૂડની આ બંને દિવા એક સાથે સ્ક્રીન પર જોવા મળે, કેમ બરોબરને?

આ દરમિયાન, જૂઓ અર્જુન કપૂર અને પરિનીતિ ચોપરાને કેટલાક રસપ્રદ ખૂલાસા કરતા, પ્રો મ્યુઝિક કાઉન્ટડાઉન પર ૧૫મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૬ વાગે, ફક્ત ઝી ટીવી પર

## મુકેશ અંબાણીના ૧.૧૧ લાખ કરોડ ડુબી ગયા : રિલાયન્સ શેરમાં ૭૦ દિવસમાં ૪૭૫ રૂપિયાનો ઘટાડો

# હવે કોરોના વાયરસના ખોફ વચ્ચે રોકાણકારો હચમચ્યા

મુંબઈ, તા. ૧૨

કોરોના વાયરસના ખોફ વચ્ચે રોકાણકારો હચમચી ઉઠ્યા છે. રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ ભાગી રહ્યા છે. જેના પરિણમ સ્વરૂપે શેરમાર્કેટમાં સતત કડાકો બોલાઈ રહ્યો છે. આજે કારોબાર દરમિયાન સેન્સેક્સમાં એક વખતે ૩૨૦૦ પોઈન્ટ સુધીનો ઘટાડો થયો હતો. મોડેથી આંશિક સુધારા સાથે સેન્સેક્સ ૨૯૦૦થી વધુ પોઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. માર્કેટ ક્રેશ થવાની અસર દેશના સૌથી અમીર વ્યક્તિ મુકેશ અંબાણી ઉપર પણ થઈ હતી. રિલાયન્સના શેર આજે બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. રિલાયન્સના શેરની કિંમત આજે ૧૦૬૩ના આંકડા પર બંધ થઈ હતી. કારોબાર દરમ્યાન એક વખતે રિલયન્સના શેરની કિંમત ૧૦૪૮ની નીચી સપાટીએ પહોંચી ગઈ હતી. ૨૭મી ડિસેમ્બર ૨૦૧૯ બાદથી ભારે અફડાતફડી રહી છે. ૨૦૧૯ના વર્ષના છેલ્લા કારોબારી સેશનમાં રિલાયન્સના શેરની કિંમત ૧૫૩૭ રૂપિયા હતી. છેલ્લા ૭૦ દિવસના ગાળામાં શેરની કિંમત ૧૦૬૩ સુધી નીચે પહોંચી ગઈ છે. એક શેરની કિંમત ૪૭૫ રૂપિયા ઘટી ગઈ છે.

કોરોના અને અન્ય કારણોસર રિલાયન્સના શેરમાં આશરે ૨૦ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. શેરબજારમાં હાહાકાર વચ્ચે મુકેશ અંબાણીની સંપત્તિને ભારે નુકસાન થયું છે. તેમની સંપત્તિ ૧૫.૨૦ અબજ ડોલર અથવા તો ૧.૧૧ લાખ કરોડ થઈ ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે એશિયાના સૌથી અમીર વ્યક્તિ તરીકેનો તાજ પણ નીકળી ગયો છે. હવે ફરી એકવાર અલીબાબના ચેરમેન જેકમા એશિયાના સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. બીજી બાજુ આગમી એક વર્ષમાં અફડાતફડી વચ્ચે ગ્લોબલ બ્રોકરેજ કંપની દ્વારા જણાવાયું છે કે રિલાયન્સમાં રોકાણ સારી બાબત છે.

### કુલ કેસોની સંખ્યા વિશ્વના દેશોમાં ૧૨૬૩૬૯

# કોરોના વાયરસ : મોતનો આંક વધીને ૪,૬૩૪ સુધી પહોંચ્યો

### એકલા ચીનમાં કોરોના વાયરસના પરિણામે મોતનો આંક ૩૧૬૯ સુધી પહોંચ્યો :હજારોની સંખ્યામાં દર્દીઓ ગંભીર

### ચીનમાં સ્થિતીમાં આંશિક સુધારો થયો

## ચીનમાં કોરોના બેકાબુ

(સંપૂર્ણ સમાચાર સેવા) બેઝિંગ,તા. ૧૨

કોરોના વાયરસના કારણે વિશ્વના પ્રભાવિત દેશોની સંખ્યા રોકેટગતિથી વધી રહી છે. હાલમાં કુલ ૧૨૪ દેશો કોરોનાના સકંજામાં આવી ગયા છે. એકલા ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૦૭૯૬ ઉપર પહોંચી ગઈ છે. ચીનમાં કુલ મોતનો આંકડો ૩૧૬૯ પર પહોંચી ગયો છે. ચીનમાં ગંભીર રહેલા કેસોની સંખ્યા ૪૨૫૭ ઉપર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. હજુ પણ ૪૦૦૦થી વધુ દર્દીઓની હાલત ગંભીર બનેલી છે. સ્થિતીમાં હાલ કોઈ સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ચીનમાં કોરોનાની અસર નીચે મુજબ રહેલી છે.

| | |
|---|---|
| ચીનમાં કુલ મોતનો આંકડો | ૩૧૬૯ |
| ચીનમાં કુલ કેસોની સંખ્યા | ૮૦૭૯૬ |
| ચીનમાં નવા કેસો | ૧૮ |
| ચીનમાં ૨૪ કલાકમાં મોત | ૧૧ |
| ચીનમાં ગંભીર અસરગ્રસ્ત | ૪૨૫૭ |
| ચીનમાં રિકવર લોકો | ૬૨૮૦૨ |
| એક્ટિવ કેસોની સંખ્યા | ૧૪૮૨૫ |

બેઝિંગ,તા. ૧૨

કોરોના વાયરસના કારણે વિશ્વના પ્રભાવિત દેશોની સંખ્યા રોકેટગતિથી વધી રહી છે. હાલમાં કુલ ૧૨૪ દેશો કોરોનાના સકંજામાં આવી ગયા છે. એકલા ચીનમાં કુલ કેસોની સંખ્યા ૮૦૭૯૬ ઉપર પહોંચી ગઈ છે. ચીનમાં કુલ મોતનો આંકડો ૩૧૬૯ પર પહોંચી ગયો છે. ચીનમાં ગંભીર રહેલા કેસોની સંખ્યા ૪૨૫૭ ઉપર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બીજી બાજુ દુનિયાના દેશોમાં કોરોના વાયરસના કુલ કેસ ૧૨૬૩૬૯ ઉપર પહોંચી ગઈ છે. મોતનો આંકડો ૪૬૩૪ સુધી પહોંચી ગયો છે. કોરોના વાયરસના કારણે હાલમાં સ્થિતીમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. ચીનમાં હુબેઈ પ્રાંતમાં સૌથી વધારે અસરગ્રસ્ત લોકો છે. સાથે સાથે મોતનો આંકડો પણ અહીં જ સૌથી વધારે નોંધાયો છે. બચાવ અને રાહત કામગીરીમા આરોગ્ય કર્મચારીઓ એટલી હદ સુધી લાગેલા છે કે તેમને જોઈને સલામ કરી શકાય છે.દેશમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો. ચીનમાં સાવેચેતીના તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કોરોના વાયરસ બેકાબુ છે.દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી.ચીનના તમામ સંબંધિત જુદા જુદા આરોગ્ય વિભાગના તમામ લોકો નિસહાય દેખાઈ રહ્યા છે.માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઈ રહ્યા છે.જાપાનમાં પણ કોરોના વાયરસના કારણે ભારે દહેશત છે.

તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હોંગકોગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, મલેશિયા અને જર્મની સહિતના દેશો વાયરસના સકંજામાં આવી ગયા છે. કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. દરરોજ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે.

ગંભીર રીતે બિમારીના સકંજામાં રહેલા લોકોની સંખ્યા હજારોમાં છે. જે કુલ કેસોના ૨૧ ટકા જેટલી છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી.ભારે હાહાકાર જારી છે. મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે.કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ચીનના જુદા જુદા શહેરોમાં ૬ કરોડથી વધારે લોકો હાલ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. કોરોના વાયરસને લઈને ઈન્ફેક્શન દુનિયાના દેશોમાં ફેલાઈ રહ્યો છે. ત્યારે સાવચેતીના તમામ પગલા દુનિયાના દેશો લઈ રહ્યા છે. કોરોના વાયરસના કારણે અમેરિકા, કોરિયા અને ઈટાલીમાં પણ ભારે હાહાકાર મચેલો છે. આવી સ્થિતીમાં મોતનો આંકડો ખુબ વધારે જઈ શકે છે. ચીન સરકાર દ્વારા યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં વાયરસ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો નથી. જે દર્દી ગંભીર છે તે પૈકી અનેક જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

દરરોજ હજારોની સંખ્યામાં નવા કેસો સપાટી પર આવી રહ્યા છે જે સાબિત કરે છે કે કઈ રીતે આ વાયરસો આતંક મચાવી દીધો છે.ચીનમાં ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે. કોરોના વાયરસના કારણે દહેશત અકબંધ છે. વિશ્વના દેશોમાં કુલ રિક્વર થયેલા લોકોની સંખ્યા વધીને ૬૮૩૦૬ સુધી પહોંચી ગઈ છે. બંધ કરવામાં આવેલા કેસોની સંખ્યા ૭૨૯૪૦ ઉપર પહોંચી ગઈ છે.

### મોતનો આંકડો ઝડપથી વધી રહ્યો છે

## ૧૨૪ દેશોમાં કોરોના

(સંપૂર્ણ સમાચાર સેવા) બેઝિગ, તા. ૧૨

કોરોના વાયરસના કારણે વિશ્વના પ્રભાવિત દેશોની સંખ્યા રોકેટગતિથી વધી રહી છે. હવે ૧૨૪ દેશોમાં કોરોના વાયરસના કારણે આતંક છે. દુનિયાના દેશોમાં કોરોના વાયરસના કુલ કેસ ૧૨૬૩૬૯ ઉપર પહોંચી ગઈ છે. મોતનો આંકડો ૪૬૩૪ સુધી પહોંચી ગયો છે. કોરોના વાયરસના કારણે હાલમાં સ્થિતીમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કોરોના વાયરસના કારણે અસરગ્રસ્તોની સંખ્યા હજુ પણ વધી રહી છે. ગંભીર રીતે અસરગ્રસ્તો પૈકી કેટલાકની હાલત ગંભીર બનેલી છે. કોરોનોના કારણે કેસો સતત વધી રહ્યા છે. વિશ્વમાં હાલત નીચે મુજબ છે.

| | |
|---|---|
| વિશ્વના કુલ દેશો પ્રભાવિત | ૧૨૪ |
| વિશ્વના કુલ દેશોમાં કેસોની સંખ્યા | ૧૨૬૩૬૯ |
| વિશ્વના કુલ દેશોમાં મોત | ૪૬૩૪ |
| વિશ્વના દેશોમાં રિકવર લોકોની સંખ્યા | ૬૮૩૦૬ |
| ગંભીરરીતે અસરગ્રસ્ત લોકોની સંખ્યા | ૫૭૦૭ |
| માઈલ્ડ કેસોની સંખ્યા | ૬૮૩૦૬ |
| બંધ કરાયેલા કેસોની સંખ્યા | ૭૨૯૪૦ |

### હરિયાણા અને અન્ય રાજ્યોમાં વિવિધ પગલા

## દિલ્હીમાં ૩૧મી સુધી સ્કુલ, કોલેજો, સિનેમાઘર બંધ હશે

નવીદિલ્હી, તા. ૧૨

દુનિયાભરમાં કોરોના વાયરસના કારણે ૪૦૦૦થી વધુ લોકોના મોત થઈ ચુકયા છે. ભરતમાં પણ આનો ખૌફ વધી રહ્યો છે. ૭૩ મામલા સપટી ઉપર આવી ચુક્યા છે. ભારતે હવે દુનિયાના કોઈપણ દેશથી આવનાર લોકોને ૧૫મી એપ્રિલ સુધી વિઝા નહીં આપવાનો નિર્ણય કર્યો છે. દિલ્હી સરકારે કોરોનાને ઈમરજન્સી જાહેર કરીને વિવિધ પગલા લીધા છે. ૩૧મી માર્ચ સુધી તમામ સ્કુલો, કોલેજ અને સિનેમાઘરને બંધ કરી દીધા છે. કોરોનાને ધ્યાનમાં લઈને જુદા જુદા પગલા લેવાઈ રહ્યા છે ત્યારે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કોરોના વાયરસ માટે વેક્સિન તૈયાર કરવામાં ઓછામાં દોઢી બે વર્ષનો સમય લાગી શકે છે. હરિયાણા સરકારે પણ સ્કુલ, કોલેજ, નર્સિંગ હોમ અને હોસ્પિટલોમાં એવા લોકોને શોધવામાં આવી રહ્યા છે. બીજી બાજુ હરિયાણા અને અન્ય રાજ્યોમાં વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યું હતું કે, તમામ સિનેમાહોલને ૩૧મી માર્ચ સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. જે સ્કુલ કોલેજોમાં પરીક્ષાઓ ચાલી રહી નથી તે સ્કુલો બંધ કરી દેવાઈ છે. તેમણે કહ્યું છે કે, ખતરાઓને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયા છે. ભારતમાં જુદા જુદા રાજ્યોમાં પગલાઓનો દોર ચાલી રહ્યો છે. નવી નવી સૂચનાઓ પણ જરી કરવામાં આવી રહી છે. સૌથી વધુ કેરળમાં ૧૭ કેસ પોઝિટિવ આવ્યા છે.

ભારતમાં હજુ સુધી કુલ ૧૦૫૭૫૦૬ લોકોની સ્કીનિંગ કરવામાં આવી ચુકી છે. મહારાષ્ટ્રમાં ટુંકાગાળામાં જ ૧૧ પોઝિટિવ કેસો નોંધાઈ ચુક્યા છે. સ્થિતિમાં હાલ સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

**કોરોના વાયરસને લઈ દહેશત વચ્ચે રાજ્યો એલર્ટ ઉપર**

## મહારાષ્ટ્રમાં દર્શકો વિના આઈપીએલની મેચો રમાશે: ઉદ્ધવ કેબિનેટની મંજૂરી

મુંબઈ : મહારાષ્ટ્ર કેબિનેટે આવનારી આઈપીએલની ૧૩મી સીઝનની મેચો માટે મંજૂરી આપી દીધી છે. પણ દર્શકો વિના. કોરોના વાયરસને ફેલાવવાથી રોકવા માટે કેબિનેટે આ નિર્ણય લીધો છે. એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે મુંબઈમાં IPLની દરેક મેચો દર્શકો વિના યોજાશે. આ પ્રપોઝલ પર સ્ટેટ મિટીંગની કેબિનેટમાં ચર્ચા થઈ છે. આશા છે કે સરકાર ટૂંક સમયમાં તેને લઈને વિધાનસભામાં નિવેદન બહાર પાડશે. આઈપીએલની પહેલી મેચ ૨૯ માર્ચના રોજ મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમમાં રમાવાની છે. મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ વાયરસના ૫ મામલાની પુષ્ટિ થઈ છે. જેને લઈને સરકારે આઈપીએલને લઈ ચર્ચા કરી છે. મહારાષ્ટ્રના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, અમે કોરોના વાયરસને કારણે દરેક રીતની સાવચેતી રાખી રહ્યા છે. અમે નિર્ણય લીધો છે કે રાજ્યમાં હવેથી કોઈ પણ મોટી સંખ્યામાં લોકોને ભેગા કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં. તેની સાથે જ અમારી લોકોને અપીલ છે કે તેઓ ભીડવાળી જગ્યાએ જાય નહીં. કેબિનેટ મીટિંગમાં આઈપીએલ બાબતે ચર્ચા થઈ અને સાથે જ નિર્ણય લેવામાં આવ્યો છે, આઈપીએલ ટૂર્નામેન્ટને ત્યારે જ પરવાનગી મળશે જ્યારે દર્શકોને ટિકિટ વેચવામાં આવશે નહીં.

### સેવિંગ અકાઉન્ટમાંથી ન્યૂનત્તમ બેલેન્સની મર્યાદા હટાવી

## એસબીઆઈ ગ્રાહકોને મોટો ફટકો એફડીના વ્યાજદરમાં ઘટાડો

મુંબઈ : એસબીઆઈના ખાતાધારકો માટે એક ખુશીના સમાચાર આવ્યા છે. બેંકે સેવિંગ બેંક અકાઉન્ટમાં રાખવા પડતા ન્યૂનતમ અકાઉન્ટ બેલેન્સની મર્યાદા હટાવી છે. દેશની સૌથી મોટી બેંકે, બચત ખાતાની ન્યૂનતમ જમા રકમની મર્યાદા દૂર કરી છે. અત્યારે એસબીઆઈના દરેક બચતખાતાધારકોએ તેમના વિસ્તાર પ્રમાણે ખાતામાં અમુક ચોક્કસ રકમ રાખવી ફરજિયાત છે,જો ખાતામાં બેલેન્સ આ લઘુત્તમ મર્યાદા કરતા ઓછું જાય તો પેનલ્ટી ચૂકવવી પડે છે.૧લી એપ્રિલ, ૨૦૧૮થી અર્બન અને મેટ્રો શહેરોમાં એસબીઆઈ ખાતાધારકે ઓછામાં ઓછું ૩૦૦૦ રૂપિયા બેલેન્સ રાખવું પડતું હતુ,જે મર્યાદા આજે બેંકે દૂર કરી છે. આ સિવાય બધા જ સેવિંગખાતા પર વ્યાજનો દર ઘટાડીને ૩% કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લા ચાર મહિનાથી દેશના બેંકિંગ સિસ્ટમમાં પુરતી લિક્વિડિટી છે પરંતુ, કોઈ વધુ ધિરાણ લેવા બેંકો પાસે નથી જઈ રહ્યું તેથી બેંકે ખાતાધારકોને જમા રકમ પર વધુને વધુ વ્યાજ ચૂકવવું પડે છે. સામે પક્ષે એસબીઆઈના આ પગલાં દ્વારા સરાકર બજારમાં તપાસવા માંગે છે કે લોકો ધિરાણ લેવા નથી ઈચ્છતા કે પછી લોકોમાં ખરીદશક્તિનો અભાવ છે.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ખાતાધારકો પાસેથી ત્રિમાસિકધોરણે લેવાતા એસએમએસ ચાર્જ પણ આજથી રદ કર્યા છે.

## સાબરતી જેલમાં પોલીસકર્મીએ અંડરવેયરમાં છૂપાવેલી ૧૧ તમાકુની પડીકીઓ ઝડપાઈ

અમદાવાદ : સાબરમતી સેન્ટ્રલ જેલમાં ફરજ બજાવતાં પોલીસ કર્મચારીઓ જ કેદીને જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ પોહચાડતા હોય છે. જેલસહાયક તરીકે ફરજ બજાવતાં રૂતેશ ચૌધરી પાસેથી તમાકુની ૧૧ પડીકીઓ મળી આવી હતી. જે મામલે રાણીપ પોલીસ સ્ટેશનમાં જેલ સહાયક રૂતેશ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. સાબરમતી જેલના જેલર ગ્રુપર ને માહિતી મળી હતી.

જેલના મેઈન ગેટ પાસે ઝડતી રૂમમાં જેલ સહાયક રૂતેશ ચૌધરી પાસે તમાકુની પડીકીઓ છે જેથી રૂતેશની તપાસ કરતા તેના અંડરવેયરમાં ગુપ્ત ભાગ પાસે સંતાડેલી ૧૧ તમાકુની પડીકીઓ મળી આવી હતી. જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ લાવી કેદીને આપવાને લઈ રાણીપ પોલીસ સ્ટેશનમાં તેની સામે પ્રિઝન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### લિક્વિડીટી બુસ્ટિંગ પગલા ટૂંક સમયમાં લેવાશે

## કોરોનાનો સામનો કરવા માટે આરબીઆઈની નવી યોજના

### કોરોના વાયરસના કારણે બજારમાં ભારે હાહાકાર ફેલાઈ ગયા બાદ બધા નાણાંકીય બજારોમાં ટૂંકમાં સ્થિરતા લવાશે

નવી દિલ્હી, તા. ૧૨

કોરોના વાયરસની શેરબજાર ઉપર જોરદાર અસર જોવા મળી રહી છે ત્યારે કોરોના વાયરસની અસરમાંથી ભારતીય ફાઈનાન્સિયલ માર્કેટોને બચાવવા અને તેમને સ્થિર કરવા માટે ટૂંકમાં જ લિક્વિડીટી સાથે સંબંધિત પગલાની જાહેરાત કરી શકે છે. મળેલી માહિતી મુજબ સેંસેક્સ અને નિફ્ટી બંનેમાં અભૂતપૂર્વ ઘટાડો થઈ રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિય દ્વારા હવે કેટલાક પગલા લેવામાં આવી શકે છે. માર્કેટમાં વધુ લિક્વિડિટી ઠાલવવાના હેતુસર પગલા લેવામાં આવી રહ્યા છે. આરબીઆઈ દ્વારા ૩૧મી માર્ચના દિવસે મોનિટરી પોલિસી કમિટિની બેઠક યોજાનાર છે જેમાં શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવનાર છે. આ વર્ષે આરબીઆઈ દ્વારા તેના પોલિસી રેટમાં ઘટાડો કરી શકે છે. જાણકાર લોકોના કહેવા મુજબ આરબીઆઈ દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. કોરોના વાયરસનો ફેલાવો સતત વધી રહ્યો છે.

આરબીઆઈનું કહેવું છે કે, સ્થિતિ પર નજર રાખવામાં વ્યા બાદ તે મુજબ જ પગલા લેવામાં આવશે. વિવિધ સેક્ટરોમાં રિપેમેન્ટના મુદ્દાઓ આવી રહ્યા છે. કોરોના વાયરસનો ફેલાવો વધી રહ્યો છે. અમેરિકા દ્વરા યુરોપમાંથી પ્રવાસ પ્રતિબંધ મુકી દીધો છે. આવનાર દિવસોમાં આરબીઆઈ દ્વારા પણ લિક્વિડીટી બુસ્ટિંગ પગલા જાહેર કરવામાં આવી શકે છે. કોરોનાનો સામનો કરવા એકબાજુ ભારતમાં જુદા જુદા પગલા લેવાઈ રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, આજે શેરબજારમાં હાહાકાર મચી ગયો હતો અને એક જ દિવસમાં સૌથી મોટો ઘટાડો ઈતિહાસ નો નોંધાયો હતો. સેંસેક્સ ૨૯૦૦થી વધુ પોઈન્ટ ઘટી જતાં હાહાકાર મચી ગયો હતો. શ્રેણીબદ્ધ શેરો બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચી ગયા હતા જેમાં રિલાયન્સ, ટીસીએસ, બજાજ, આઈટીસી, હિરોમોટો, એસીસી, જિલેટ અને ગ્લેનમાર્કનો સમાવેશ થાય છે. શેરબજારમાં સાત દિવસમાં ૧૫ ટકા સુધીનો અભૂતપૂર્વ ઘટાડો થયો છે.

### કંગના જયાના પડકારરૂપ રોલમાં નજરે પડશે

## જયા પરની બાયોપિક ફિલ્મ ૨૬ જૂને રજૂ કરાશે : રિપોર્ટ



મુંબઈ,તા. ૧૨

કંગના રાણાવતને તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જયલલિતાની લાઈફ પરની ફિલ્મ થલાઈવીમાં કામ કરવા માટે ખુબ મહેનત કરવાની ફરજ પડી છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મમાં કંગના જયલલિતાના રોલમાં નજરે પડી રહી છે. ફિલ્મને ૨૬મી જુનના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં અરવિન્દ સ્વામી તેની સાથે નજરે પડનાર છે. ફિલ્મમાં કામ કરવા માટે કંગનાને રેકોર્ડ વિક્રમી રકમ મળી છે. તે હવે તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતાના બાયોપિકમાં કામ કરવા માટે ૨૪ કરોડ રૂપિયાની જંગી ફી લઈ ચુકી છે. જયલલિતાની બાયોપિક ફિલ્મમાં કામ કરવા માટે તે તૈયાર થઈ ગયા બાદ આને લઈને નવી અટકળો શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મ તમિળમાં થલાયવી અને હિન્દીમાં જયા નામથી બનાવવામાં આવનાર છે. આ ફિલ્મ બે ભાષામાં બની રહી છે. ફિલ્મ સાથે જોડાયેલા નિર્માતા માને છે કે કંગના રાણાવત સુપરસ્ટાર અને સ્ટાર પાવર ધરાવે છે જેથી તેની ફિલ્મ દેશમાં ચારેબાજુ ચાહકો જોશે. એક બાબત તો પહેલાથી જ જાણીતી રહી છે કે જ્યારે પણ ઉત્તર ભારતના કોઈ કલાકારો સાઉથની ફિલ્મમાં કામ કરે છે ત્યારે તેમની સાથે ત્યાંના કલાકારો પણ હોય છે. પરંતુ આ ફિલ્મમાં લીડ રોલમાં માત્ર કંગના રાણાવત જ કામ કરી રહી છે. સમગ્ર ફિલ્મ તેના પર આધારિત રહેનાર છે. ફિલ્મના નિર્માતા દ્વારા પહેલાથી જ ફિલ્મને લઈને કોન્ટ્રાક્ટ પર સાઈન કરી લેવામાં આવ્યા છે. કંગના ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં હવે સૌથી વધારે ફી લેનાર સ્ટાર તરીકે બની ગઈ છે. આ ફિલ્મનુ નિર્દેશન એએલ વિજય કરી રહ્યા છે. ફિલ્મના પટકથાકાર બાહુબલી ફિલ્મની પટકથા લખનાર વિજેન્દ્ર પ્રસાદ છે. કંગના રાણાવતે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે તે ફિલ્મનો હિસ્સો બનીને ભારે ખુશી વ્યક્ત કરી રહી છે. તેમની સાથે કામ કરવાને લઈને ગર્વની લાગણી થઈ રહી છે. કંગના રાણાવતે આ ફિલ્મના સંબંધમાં પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે જયલલિતા અમારા દેશમાં સફળ રાજનેતા તરીકે રહ્યા હતા. જયલલિતા પોતાના સમયમાં સુપરસ્ટાર અભિનેત્રી હતા સાથે સાથે જ્યારે રાજકારણમાં આવ્યા ત્યારે દશકો સુધી તમિળનાડુમાં સફળ રાજનેતા તરીકે રહ્યા હતા. તેમના અવસાન બાદ તમિળનાડુની રાજનીતિમાં ખાલી થયેલી જગ્યા કોઈ ભરી શકે તેમ નથી. કંગના રાણાવત ફિલ્મમાં જયલલિતાના રોલને અદા કરનાર છે. કંગના એક્ટિંગના કારણે માત્ર બોલિવુડમાં જ નહીં બલ્કે દુનિયાભરમાં જાણીતી રહી છે. તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી રહી છે. ઝાંસીની રાણી પર બનેલી મણિકર્ણિકા ફિલ્મને બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મળ્યા બાદ તે બીજી બાયોપિક ફિલ્મ કરવા જઈ રહી છે. ઝાંસીની રાણીનો યાદગાર રોલ અદા કર્યા બાદ હવે કંગના રાણાવત લોકપ્રિય રાજકારણી જયલલિતા પર બનવા જઈ રહેલી ફિલ્મમાં કામ કરવા જઈ રહી છે.

**કંગનાને ફિલ્મમાં કામ કરવા માટે મળેલી વિક્રમી રકમ**

### ફિલ્મ આઠમી જાન્યુઆરીના દિવસે રજૂ કરાશે

## આલિયા હવે રામ ચરણ અને જુનિયર એનટીઆર સાથે હશે



મુંબઈ,તા. ૧૨

લોકપ્રિય એસએસ રાજામૌલીની આગામી નિર્દેશન હેઠળની ફિલ્મમાં આલિયા ભટ્ટને લેવામાં આવી હોવાના હેવાલ મળ્યા બાદ હવે શુટિંગ ઝડપથી જારી છે. ફિલ્મને આઠમી જાન્યુઆરી ૨૦૨૧ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. બે હિરોની પિરિયડ ડ્રામાવાળી ફિલ્મ આરઆરઆર હવે એસએસ રાજામૌલી બનાવી રહ્યા છે. ફિલ્મમાં જુનિયર એનટીઆર અને રામચરણ અદા કરી રહ્યા છે. ૧૪મી માર્ચના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે ફિલ્મમાં અજય દેવગન અને આલિયા ભટ્ટ કામ કરનાર છે. ફિલ્મમાં જુનિયર એનટીઆર અને રામ ચરણની મુખ્ય ભૂમિકા છે. આલિયા ભટ્ટ ફિલ્મમાં સીતા નામની ભૂમિકા અદા કરનાર છે. ઘટનાક્રમ અંગે માહિતી ધરાવનાર લોકોનુ કહેવુ છે કે રામચરણ તેજા સાથે જુનિયર એનટીઆરની ભૂમિકાથી તમામ લોકો રોમાંચિત થઈ જશે. આલિયા ભટ્ટ રામચરણની સાથે જોડી જમાવનાર છે. જયારે સ્ટોરી મહત્વપૂર્ણ તબક્કામાં પહોંચી જશે ત્યારે ફિલ્મમાં સિતા તરીકેની ભૂમિકા અદા કરનાર આલિયા ભટ્ટની એન્ટી થનાર છે. બીજી બાજુ ફિલ્મમાં અજય દેવગનની સારી ભૂમિકા રહેલી છે. તે સ્વતંત્ર સેનાનીની ભૂમિકામાં નજરે પડનાર છે. નોર્થ ઈન્ડિયન ફ્રીડમ ફાઈટરની ભૂમિકામાં તે દેખાશે. તે ફલેશબે એસિસોડમાં નજરે પડનાર છે. આ ફિલ્મ બે રિયલ લાઈફ ફાઈટર સાથે નજરે પડનાર છે. ફિલ્મ હૈદરાબાદ અને દિલ્હીમાં બનનાર છે. રામચરણ તેજાના ફાઈટિંગ સીનનુ હાલમાં શુટિંગ કરવામાં આવ્યુ હતુ. રામચરણ અને જુનિયર એનટીઆર બંને જોરદાર રોલમાં ફિલ્મમાં નજરે પડનાર છે.

ફિલ્મ સુપરહિટ સાબિત થનાર છે. એક્શન ફિલ્મની ઉત્સુકતા વધી ગઈ છે.

**પિરિયડ ડ્રામા ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહેશે**

### તડપ નામની ફિલ્મ રોમેન્ટિક એક્શન રહેશે

## તારા સુતરિયા નવી ફિલ્મમાં અહાન શેટ્ટીની સાથે ચમકશે



મુંબઈ,તા.૧૨

બોલિવુડમાં સ્ટાર કિડ્સની એન્ટ્રીનો દોર જારી રહ્યો છે. વિતેલા વર્ષોના તમામ લોકપ્રિય સ્ટારના બાળકો બોલિવુડમાં એન્ટ્રી કરી રહ્યા છે. હવે એક્શન સ્ટાર સુનિલ શેટ્ટીના પુત્ર અહાન શેટ્ટી પણ એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. સુનિલ શેટ્ટીની પુત્રી પહેલાથી જ બોલિવુડમાં પ્રવેશ કરી ચુકી છે. હવે પુત્ર પણ એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તડપ નામની એક્શન રોમેન્ટિક ફિલ્મમાં તેની સાથે તારા સુતરિયા નજરે પડનાર છે. તેને વધુ એક સારી ફિલ્મ હાથ લાગી ગઈ છે. તારા ફિલ્મ તડપમાં કામ કરવા જઈ રહી છે. આ ફિલ્મ એક લવ સ્ટોરી ફિલ્મ છે. ફિલ્મના નિર્દેશન તરીકેની જવાબદારી સંભાળી રહેલા મિલન લુથરિયાએ કહ્યુ છે કે પટકથા ખુબ રોમાંચક રાખવામાં આવી રહી છે. લોકો ફિલ્મની પટકથાથી રોમાંચિત થઈ જશે. તેમનુ કહેવુ છે કે તારા અને અહાનને રિહર્સલ કરતા તેઓ જોઈ ચુક્યા છે. જેથી દાવા સાથે કહી શકે છે કે આ જોડી જાદુ જગાવશે. તેમની વચ્ચે જોરદાર કેમિસ્ટ્રી રહેલી છે. અમે હવે આ ફિલ્મના શુટિંગ માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. હાલમાં આ ફિલ્મ પ્રી પ્રોડક્શન દોરમાં છે. ફિલ્મના અન્ય કલાકારો પસંદ કરવામાં આવી રહ્યા છે. ટુંક સમયમાં જ વે શુટિંગ શરૂ કરવામાં આવનાર છે. ફિલ્મના એક્શન સીન માટે અહાન ખુબ મહેનત કરી રહ્યો છે. ફિલ્મમાં કામ કરવા માટે તારા તૈયાર થયા બાદ હવે કોઈ પણ સમય શુટિંગને શરૂ કરવામાં આવનાર છે. તારા ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં એક કુશળ સ્ટાર તરીકે ઉભરી રહી છે. અહાન કેરિયરનો લઈને આશાવાદી છે.

**ખુબસુરત તારા સુતરિયા વધુ એક મોટી ફિલ્મમાં : રિપોર્ટ**

### ખૂંખાર સિરીયલ કિલરે કરેલી ૬ હત્યાઓનું વર્ણન,

# તરફડીયા મારતા જોઈ ન શકતો હોવાથી એક જ ઝાટકે શિકારને પતાવી દેતો



રાજકોટ: આજીવન કેદની સજામાં ૧ વર્ષથી પેરોલ જમ્પ કરી નાસતો ફરતો સિરીયલ કિલર નિલય મહેતાને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. ૬ હત્યાઓ સહિત ૩૨ જેટલા ગુનાઓને અંજામ આપનાર ખૂખાંર સિરીયલ કિલરની હત્યાની મોડસઓપરેન્ડી અને ક્રુરતા તેણે તેના મુખે જ વર્ણવી હતી. જેમાં ગલોફામાં બ્લેડ રાખતો હતો અને શિકારની શોધ કરી તરફડીયા મારતા જોઈ ન શકતો હોવાથી એક જ ઝાટકે પતાવી દઈ લૂંટ કરી ફરાર થઈ જતો હતો. સિરીયલ કિલર નજીવા રૂપિયા અટલે કે ૫૦૦-૭૦૦ માટે પણ હત્યા કરી નાખતો હતો.

પ્રથમ હત્યા

આરોપીએ રાજકોટમાં ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૯૯૬માં હત્યાનો પ્રથમ ગુનો આચર્યો હતો. ૧૯૯૫માં ધોરણ ૧૦ પાસ કરી સોરઠીયાવાડી સર્કલ પાસે ઘડિયાળના કારખાનામાં કામ કરતો હતો. એકાદ વર્ષ પછી વર્ષ ૧૯૯૬માં પોતાની સાથે કારખાનામાં કામ કરતાં સહકર્મચારી પરેશ રમણીકભાઈ રાઠોડ સાથે ઝઘડો થતાં ૪ એપ્રિલ ૧૯૯૬ના રોજ કારખાનામાં છરીના ઘા ઝીંકી સહકર્મચારીની હત્યા નીપજાવી હતી.

બીજી હત્યા

આરોપીએ ૨૦૦૩માં રાજકોટ એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સહ આરોપી રફીક ઈબ્રાહીમ સંધિ તથા ધવલ દિનેશ ટાંક અને રણવિજય સાથે મળીને ટેક્સી ચલાવતા જેસીંગ સોલંકીની રાજકોટ બસ સ્ટેશન પાસેથી ટેક્સી ભાડે કરી કાલાવડ તાલુકાના નિકાવા પાસે લઈ જઈ તેની હત્યા કરી હતી. સાથે જ હત્યા કરી રોકડની લૂંટ ચલાવી હતી.

ત્રીજી હત્યા

આરોપીએ રાજકોટમાં ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોંડલ રોડ ઉપર પેનોરમા કોમ્પ્લેક્સમાં ચોરીના ઈરાદે રફીક સંધિ અકબર શાહ ફકીર સાથે મળીને કોમ્પ્લેક્સમાં પ્રવેશ કર્યો હતો. ત્યારે ગેલેરીમાં સૂઈ રહેતા હરેશભાઈ ખવાસ નામના વ્યક્તિ જાગી જતા તેના ગળા ઉપર છરી મારી તેમનું મોત નિપજાવ્યું હતું.

ચોથી હત્યા

આરોપીએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હત્યા વિથ લૂંટના ગુનાને અંજામ આપ્યો હતો. વર્ષ ૨૦૦૫માં ગ્રીનલેન્ડ ચોકડી ખાતેથી પોતે રફીક સંધી, રાજેશ ઠાકુર સાથે આઈસરમાં બેસી ચોટીલા પાસે ડ્રાઈવરની હત્યા કરી હતી. જે બાદ રોકડ રકમ ની લૂંટ કરી હતી. જે ગુનામાં ૨૦૦૬માં આજીવન સજા પડી હતી. વર્ષ ૨૦૧૩માં સજા માફ થતા જેલ મુક્તિ થઈ હતી.

પાંચમી હત્યા

સુરેન્દ્રનગર જિલ્લાના પાણશીણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોટીલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હત્યા વિથ લૂંટના ગુનાને અંજામ આપ્યાના ૨૦ દિવસ બાદ ફરી વખત ગ્રીનલેન્ડ ચોકડી ખાતેથી પોતે રફીક સંધી, રાજેશ ઠાકુર સાથે આઈસરમાં બેસી પાણશીણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડ્રાઈવરની હત્યા કરી હતી. જે બાદ રોકડ રકમ ની લૂંટ કરી હતી.

છઠ્ઠી હત્યા

વર્ષ ૨૦૧૩માં આજીવન સજામાંથી જેલ મુક્ત થયાના દોઢેક મહિના બાદ પોતાની પ્રેમિકા શબાના સાથે મળી રૈયા રોડ આમ્રપલી ફાટક પાસે પંચરત્ન એપારટમેન્ટમાં એકલા રહેતા ૭૮ વર્ષીય વિમલેશ કુમારી બેનની લૂંટના ઈરાદે હત્યા નિપજાવી હતી. આ ગુનામાં ૨૦૧૮માં આજીવન કેદની સજા થઈ હતી. જે બાદ પેરોલ રજા મળતા તે ફરાર હતો.

## હું કોઈ જ્યોતિરાદિત્ય નથી, અમને કોઈ ઓફરો થઈ નથી, અમારા ધારાસભ્યો અકબંધ: શૈલેષ પરમાર



અમદાવાદ: રાજ્યસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ અને ભાજપના ધારાસભ્યો સતત નિવેદન કરી રહ્યાં છે, તેમાં પણ ભાજપ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યો તોડવાની ચર્ચા શરૂ થતા કોંગ્રેસ ધારાસભ્યોને ભાજપમાં જતા બચાવવા મેદાને પડી છે. આ ઘટનાક્રમ વચ્ચે આજે કોંગ્રેસના દંડક શૈલેષ પરમારે કહ્યું કે કોંગ્રેસના ધારાસભ્યો અકબંધ છે. અમને કોઈ ઓફરો થઈ નથી, હું કોઈ જ્યોતિરદિત્ય સિંધિયા નથી કે એમની જેમ પાર્ટી છોડી દઉં. રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપની તોડજોડની નીતિ કામ લાગશે નહીં. અમારું સંખ્યાબળ કોંગ્રેસ અને એક અન્ય મળી કુલ ૭૪નું છે અને તે અકબંધ રહેશે. ગુજરાતમાં ૨૬ માર્ચે યોજાનારી ૪ રાજ્યસભાની બેઠકને લઈ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હોર્સ ટ્રેડિંગ જેવી સ્થિતિ ઉભી થઈ છે અને કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે કોંગ્રેસના ધારાસભ્યો આ વાતને સમર્થન આપતાં નથી. બીજી તરફ ભાજપ તોડજોડની નીતિ અપનાવતો હોવાનું ખુદ કોંગ્રેસના ધારાસભ્યો જ નિવેદનબાજી કરી રહ્યા છે.

### નિવૃત્ત અધિકારીને ઈંગ્લેન્ડની વિધવાએ છેતર્યા

## બીટકોઈનના નામે ૫૯ લાખનો ચૂનો લગાવ્યો

અમદાવાદ: ઓનલાઈન કે ફોન કરીને ફ્રોડ કરવાના અનેક કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. આ અંગે સાઈબર ક્રાઈમ દ્વારા સતત નાગરિકોમાં જાગૃકતા ફેલાવવા પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં પણ લોકો આ ફ્રોડનો ભોગ બની રહ્યાં છે. આવો જ એક કિસ્સો અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં બન્યો છે, જ્યાં ઈંગ્લેન્ડની એક વિધવાએ અહી રહેતા નિવૃત્ત અધિકારીને ૯ બીટકોઈન છોડાવવાનું કહીને ૫૯ લાખની પડાવી લીધાની ફરિયાદ સાઈબર ક્રાઈમમાં નોંધાઈ છે.

બનાવની વિગત એવી છેકે, સેટેલાઈટ વિસ્તારમાં આવેલા સ્પ્રિગ પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા ઉદય ભટ્ટ કે જે પીએફઓમાં નોકરી કરતા હતા. તેમને ૨૦૧૯ના ડિસેમ્બર માસમાં ઈંગ્લેન્ડની રોસેટી રોઝી નામની વિધવા મહિલાની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. રોસેટીએ ઉદયભાઈ સાથે મિત્રતા કેળવી હતી. બાદમાં મિત્રતાનો લાભ લઈ જાન્યુઆરી ૨૦૨૦માં તે ભારત આવી રહી છે તેમ જણાવ્યું હતું. જે દરમિયાન દિલ્હી કસ્ટમ અધિકારી તરીકે એક મહિલાએ ઉદયભાઈને ફોન કરીને જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડની રોસેટી રોઝી ૯ પ્રતિબંધિત બીટકોઈન લઈને આવી છે. જેની કિંમત ૫૦ લાખ રૂપિયા છે. જેનો દંડ ૪૯,૯૦૦ રૂપિયા ભરવાનો છે. ઈંગ્લેન્ડની એ વિધવાએ કોલ કરતા ઉદયભાઈએ એ સમયે ૫૦ હજાર રૂપિયા ભરી દીધા હતા. બાદમાં ફરીએકવાર ૮૫ હજાર દંડ પેટે ભરાવ્યા હતા. આટલી રકમ ભર્યા પછી પણ ફરીથી ફોન આવ્યા હતા અને ઉદયભાઈ પાસે પૈસા જમા કરાવ્યા હતા. આમ કુલ ૫૯ લાખ રૂપિયા ઉદયભાઈએ રોઝીને મદદ કરવા અર્થે ભર્યા હતા, જોકે આટલી મોટી રકમ ભર્યા બાદ ઉદયભાઈને જાણ થઈ હતી કે તેમની સાથે ચિટિંગ કરવામાં આવી છે. જે અંગે તેમણે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

## એસપી રિંગ રોડની ફરતે નવો રિંગ રોડ બનાવવાનું આયોજન ઔડાએ પડતું મૂક્યું



અમદાવાદ: શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) દ્વારા સરકારમાં મંજૂરી માટે ગયેલી ૧૩ ટીપી સ્કીમમાં કપાતમાં મળનારી જમીન પર આગામી પાંચ વર્ષના ડેવલપમેન્ટ પ્લાનનું આયોજન કર્યું છે. એસપી રિંગ રોડની ફરતે વધુ એક રિંગ રોડ બનાવવાનું આયોજન ઔડાએ પડતું મૂક્યું ઔડાનો કેટલોક વિસ્તાર મ્યુનિ. ભળવાનો હોવાથી આયોજન કરી શકાયું નથી. આયોજન ૪,૫૭,૦૭૧ ચો.મી.માં હોલ, ઓડિટોરિયમ સહિતની પ્રાથમિક સુવિધાઓ ઊભી કરાશે. જ્યારે ૪,૩૭,૨૨૧ ચો.મી.જમીનમાં ગાર્ડન તેમજ રમતગમતના મેદાનો ઊભા કરાશે.

ઔડા સાણંદના કલાણા, લીંબડીયા-રણાસણ, સનાથલ, સાંતેજ, સાંતેજ રકનપુર, સનાથલ-તેલાવ, છારોડી, દોદર, ખોરજ, વિરોચનગર, વિસલપુર કઠવાડા મળી ૧૩ ટીપી સ્કીમો મંજૂરી માટે સરકારમાં મોકલી છે. મંજૂર થનાર ટીપી સ્કીમમાંથી કપાતમાં મળનારી જમીન પર સોશિયલ ઈન્ફાસ્ટ્રક્ચર જેમ કે, ટાઉન હોલ, ફાયરબ્રિગેડ, સરકારી ઓફીસો, ઓડિટોરિયમ પોલીસ સ્ટેશન, વોટર વર્કસ સહિતની સુવિધાઓ ૪,૫૭,૦૭૧ ચો.મી. જમીનમાં ઉભી કરાશે. ઉપરોક્ત પ્રત્યેક વિસ્તારમાં ગાર્ડન અને ટ્રીટપ્લાન્ટ સહિત રમતગમતના મેદાનો ૪,૩૭,૨૨૧ ચો.મી.નો ઉપયોગ કરાશે. ઔડાના એસટીપી પી.કે.તુવારે કહ્યું કે ૧૩ ટીપી સ્કીમમાં ૧૨૭૭.૪૯ હેકટર જમીનના ૧૬.૭૦ ટકા રોડમાં કપાત મળશે. કપાતમાં મળનારી જમીનમાં લોકો માટે સુવિધા ઊભી કરાશે.

ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો અને રહેણાંક સ્કીમો ઉભી કરવા માટે આગામી પાંચ વર્ષમાં ટીપી સ્કીમ હેઠળ કપાત મળનારી જમીનમાંથી અંદાજે એક લાખ ચો.મી.જમીન વેચાણ કરાશે. જુદા જુદા પ્લોટનું વેચાણ કરી ઔડા આવકની સાથે સુવિધા પણ ઉભી કરશે.

સોશિયલી એન્ડ ઈકોનોમિકલી વીકર સેકસર હાઉસિંગ (SEWSH) પ્રકારના ૧૮ હજાર મકાનો આગામી પાંચ વર્ષમાં લક્ષાંક છે. ઔડા સાણંદના કલાણા, સનાથલ, વિસલપુર, લીંમડીયા-રણસરમાં અંદાજે ૫,૩૦,૯૨૫ ચો.મી.જમીનનો ઉપયોગ કરી મકાનો બનાવાશે.

### કોંગ્રેસે કહ્યુ- મોલ થિયેટરો બંધ કરો, નીતિન પટેલે કહ્યું, હમણાં નહીં

ગાંધીનગર: કોરોના વાઈરસ અંગે વિધાનસભામાં નિયમ ૧૧૬ મુજબ ખાસ ચર્ચા આપવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય નૌશાદ સોલંકીએ દહેશત વ્યક્ત કરી હતી કે અમદાવાદ સહિતના ભરચક વિસ્તારોમાં અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જો વાઈરસ ફેલાશે તો તેને કાબૂમાં લેવો મુશ્કેલ બની જશે. સોલંકીએ એવી માંગણી કરી હતી કે આ વાઈરસ ફેલાય નહીં તે માટે મોટી સંખ્યામાં લોકો એકત્ર ન થાય તેની તકેદારી લેવી જોઈએ. જેથી સિનેમાગૃહો, શોપિંગ મોલ વગેરે બંધ કરાવવા જોઈએ. આ મુદ્દે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે સદભાગ્યે ગુજરાતમાં એવી કોઈ સ્થિતિ નથી. ચાઈનામાં પણ જે વિસ્તારમાં કેસો વધારે છે તેવા શહેરોમાં જ શોપિંગ મોલ-સિનેમાગૃહો બંધ રખાયા છે.




ખૂબ ખૂબ આભાર

- બેંકિંગ સેક્ટરમાં રહેલી ડિપોઝીટ પર ઈન્સ્યોરન્સ મર્યાદા રૂા. ૧ લાખથી વધારીને રૂા. ૫ લાખ કરવા માટે
- આવકવેરાનો દર ૩૩%નો હતો તેમાં ૧૧%નો માતબર ઘટાડો સહકારી ક્ષેત્ર માટે પણ ૨૨% કરી આપવા માટે
- સહકારી ક્ષેત્રમાં મૂડી ઉભી કરવા માટેની Scheme જાહેર કરવા માટે

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

તથા

માન. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ નો

ગુજરાતની જીલ્લા સહકારી બેંકો, ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંક્સ ફેડરેશન તેમજ

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ આભાર માને છે.

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ. બેંક લિ.

(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

શ્રી શંકરભાઈ એલ. ચૌધરી, વાઈસ ચેરમેન | તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ | શ્રી અજયભાઈ એચ. પટેલ, ચેરમેન


Printed, Published and Owned by MAYUR B. THAKKER and Printed at Dharti Printers, 28/B, Gopalnagar Near Giriraj Society, Near Sarvodaya School K. K. Nagar, Ghatlodiya Ahmedabad 380 061 and Published From H/102, Shukan Platinum, Opp. Vandematram City Gota Ahmedabad 382 481. Editor : - MAYUR B. THAKKER.